### ૯૮ ટકા પરિણામ સાથે તાલુકા ટોપર્સમાં સ્થાન મેળવીને

# બાબરાની શ્રી વિવેકાનંદ સ્કૂલનો ધો. ૧૨ની પરીક્ષાનાં પરિણામમાં દબદબો

**સિધ્ધિ વિરપરાએ ૯૯.૮૯ પીઆર સાથે તાલુકામાં પ્રથમ સ્થાન મેળવ્યું**

**પરિણામ જાહેર થતાં જ શાળા પરિવારમાં આનંદોત્સવ છવાયો**

**શાળાની પરંપરા યથાવત રાખવા ટ્રસ્ટીઓ અને સ્ટાફગણે પ્રતિબધ્ધતા વ્યકત કરી**

**શ્રેષ્ઠ પરિણામ પાછળ શિક્ષકોનું સતત માર્ગદર્શન, વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવી**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૪

બાબરામાં આવેલી શ્રી વિવેકાનંદ શાળાએ વર્ષ ૨૦૨૬ના ગુજરાત બોર્ડ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના પરિણામોમાં ફરી એકવાર શાનદાર સિદ્ધિ નોંધાવી છે. શાળાનું કુલ પરિણામ ૯૮ ટકા નોંધાયું છે, જે બાબરા તાલુકાના ૯૪.૭૪ ટકા અને અમરેલી જીલ્લાના ૯૨.૦૦ ટકા પરિણામ કરતાં નોંધપાત્ર ઊંચું રહ્યું છે. પરિણામ જાહેર થતાં જ શાળા પરિવારમાં આનંદનો માહોલ જોવા મળ્યો હતો.

ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં વિદ્યાર્થીઓએ ઉત્તમ પ્રદર્શન કરીને શાળાની યશકલગીમાં વધુ એક પીછું ઉમેર્યુ છે. વિદ્યાર્થીઓમાં વિરપરા સિદ્ધિ કાળુભાઈએ ૯૯.૮૯ પીઆર સાથે બાબરા તાલુકામાં પ્રથમ સ્થાન મેળવી સર્વોચ્ચ સિદ્ધિ નોંધાવી છે. દ્રવ્ય રમેશભાઈ વામજાએ ૯૯.૬૩ પીઆર સાથે તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યુ છે. ભાયાણી ઉર્વીષા મધુભાઈએ ૯૯.૧૮ પીઆર સાથે ચોથુંસ્થાન મેળવ્યું છે, જયારે આદ્રોજા જાનવી અજયભાઈએ ૯૮.૫૪ પીઆર સાથે પાંચમું સ્થાન પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યુ છે.

પરિણામના આંકડાઓ પર નજર કરીએ તો ૯૯ પીઆરથી ઉપર ૩ વિદ્યાર્થીઓ, ૯૫ પીઆરથી ઉપર ૬ વિદ્યાર્થીઓ, ૯૦ પીઆરથી ઉપર ૧૦ વિદ્યાર્થીઓ તથા ૭૦ પીઆરથી ઉપર ૧૭ વિદ્યાર્થીઓએ ઉત્તમ પરિણામ મેળવી સફળતા હાંસલ કરી છે.

આ ભવ્ય પરિણામ પાછળ શિક્ષકોનું સતત માર્ગદર્શન, વિદ્યાર્થીઓની કઠોર મહેનત અને માતા–પિતાનો સહકાર મુખ્ય કારણ બન્યા હોવાનું શાળા સંચાલન દ્વારા જણાવાયું છે.

બાબરા તાલુકા ખાનગી શાળાના સંચાલક મંડળના પ્રમુખ તથા શાળાના યુવા ટ્રસ્ટી ભાર્ગવભાઈ ભડાણીયા, આચાર્ય પ્રકાશભાઈ ચૈતન્યસ્વામી તથા કેમ્પસ ડાયરેકટર સમીરભાઈ દવેએ તમામ સફળ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

શ્રી વિવેકાનંદ સ્કૂલ્સ દ્વારા ગુણવત્તાસભર શિક્ષણની પરંપરા યથાવત રાખી આવનારા સમયમાં પણ વધુ ઉત્તમ પરિણામો આપવા દઢ પ્રતિબદ્ધતા વ્યકત કરવામાં આવી છે.

### યુવા એડવોકેટની ધારદાર દલીલ

## દુકાન પડાવી લેવા માટે થયેલ ફરિયાદમાં આરોપીનો નિર્દોષ છુટકારો

**ફરિયાદી પક્ષ આરોપો સાબિત કરવામાં નિષ્ફળ ગયો**

અમરેલી, તા. ૪

ગત તા. ૨૧/૧/૨૩નાં રોજ અને તે પહેલા આશરે ચારેક વર્ષ સુધી અવારનવાર અમરેલીમાં રહેતા સુરેશભાઈ નાનજીભાઈ ઘાડીયાએ બાબરા તાલુકાના ભીલડી ગામે રહેતા રમેશભાઈ ભીખાભાઈ દેવાણી પાસેથી રૂપિયા ૧૦ લાખ ૨.૫૦%નાં વ્યાજે રૂપિયા લીધેલ હતા. જેનું સુરેશભાઈએ રૂપિયા ૪ લાખ ૫૦ હજાર વ્યાજ ચુરવી દીધેલ હોવા છતાં વ્યાજ અને મુદલ પેટે આરોપી રમેશભાઈ આ બનાવનાં ફરિયાદી સુરેશભાઈની દુકાનો પડાવી લેવા માંગતા હોય સુરેશભાઈ પાસે રૂપિયા ૧૮ લાખની માંગણી કરી જો પૈસા ન આપે તો જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા હોય અને ગાળો આપી



સુરેશભાઈની માલિકીની અમરેલી શુભમ કોમ્પ્લેક્ષમાં આવેલ ચાર દુકાનો પડાવી લેવાના ઈરાદે ફરિયાદી પાસેથી દુકાનોનું બાનાખત કઢાવી પોતાની પાસે રાખી લઈ ગુન્હો કરેલ હોય. જેથી જે તે સમયે રમેશભાઈ ભીખાભાઈ દેવાણી વિરૂધ્ધ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવેલ હતી.

આ અંગેનો કેસ અમરેલીના પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ અને એડી. ચીફ જયુડીશ્યલ મેજી. કોર્ટમાં ચાલી જતાં અમરેલીના યુવા એડવોકેટ મહાવીર ગઢવીની ધારદાર દલીલો અને પુરાવાનાં આધારે પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ અને એડી. ચીફ. જયુડીશ્યલ મેજી. એસ.આર. મુલતાનીએ આરોપી રમેશભાઈ ભીખાભાઈ દેવાણીને ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ની કલમ ૩૮૪, ૫૦૪, ૫૦૬(૨) તથા ગુજરાત નાણાની ધીરધાર કરનારા બાબત અધિનિયમ કલમ ૫(૧), ૪૦, ૪૨(એ), ૪૪ મુજબના ગુન્હામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે.

### ધારીની કોર્ટનાં ૨૧ વર્ષિય

## નાસતા ફરતા વૃધ્ધ આરોપીને ફર્લો સ્કવોર્ડે સમઢીયાળા ગામેથી ઝડપી લીધા

**આરોપી સામે ૨૦૦૫માં કોર્ટમાં કેસ નોંધાયો હતો**

અમરેલી, તા. ૪

જયવીર ગઢવી ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક જિ. અમરેલીનાઓ ધ્વારા જિલ્લાના નાસતા ફરતા આરોપી તથા ફરાર કેદીઓ તેમજ કોર્ટોના ક્રિમીનલ ટાર્ગેટેડ કેસોના આરોપીઓ પકડવા અસરકારક કામગીરી કરવા જરૂરી માર્ગદર્શન તથા સુચના આપેલ હોય તેમજ સી.પી. વાઘેલા પોલીસ ઈન્સ્પેકટ એલસીબી અમરેલીનાઓના માર્ગદર્શન હેઠળ એન.જી. સાપરા



પોલીસ સબ ઈન્સ્પેકટ પેરોલ ફર્લો સ્કવોર્ડ જિ. અમરેલીનાઓના સીધા સુપરવીઝન હેઠળ પેરોલ ફર્લો ટીમ ક્રિમીનલ ટાર્ગેટેડ કેસોના પકડ વોરંટમાં ફરાર આરોપી બાબતે હ્યુમન ઈન્ટેલીજન્સ તથા ટેકનીકલ સોર્સ મારફતે હકીકત મેળવી પકડ વોરંટના આરોપીને તા. ૪/૫/૨૦૨૬નાં રોજ મોટા સમઢીયાળા તા. ખાંભા ખાતેથી પકડી પાડી આગળની ઘટતી કાર્યવાહી કરવા ધારી પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપેલ છે.

આ કામે આરોપીને નામદાર એડી. ચીફ જયુડી. મેજી. સાહેબની કોર્ટ ધારીના ફોજદારી કેસ નં. ૭૪૪/૨૦૦૫ મુજબનો કેસ થયેલ હોય જે કામે આરોપી પકડ વોરંટમાં છેલ્લા વીસ વર્ષથી ફરાર હતો જેને પકડી પાડેલ છે.

પકડાયેલ આરોપી પોપટભાઈ જીવાભાઈ ચારોલા (દે.પુ. ઉ.વ. ૮૫) ધંધો ભીક્ષાવૃતી રહે. મોટા સમઢીયાળા, તા. ખાભાં, જિ. અમરેલી.

આ કામગીરી સી.પી. વાઘેલા પોલીસ ઈન્સ્પેકટર એલસીબી અમરેલીનાઓના માર્ગદર્શન હેઠળ એન.જી. સાપરા પોલીસ સબ ઈન્સ્પેકટર પેરોલ ફર્લો સ્કવોર્ડ અમરેલી, અના. એ.એસ.આઈ. એ.એમ. સોલંકી તથા અના. હેડ કોન્સ. એસ.કે. શેખ એ રીતેના જોડાયેલ હતા.






### રાજુલા તાલુકાનાં નિંગાળા–૧ ગામે

## પુત્રની નજર સામે માતાને કાર નીચે કચડી નાખી હત્યા કરી નાખતા ચકચાર

**આ બનાવમાં સાત આરોપીને પકડી પાડતી એલસીબી**





અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના નીંગાળા–૧ ગામે નેશનલ હાઈવે–૫૧ ઉપર આવેલ બાલક્રિષ્ના પેટ્રોલપંપ સામે એક ફોર વ્હીલમાં ત્રણ મહિલા સહિત ૬ આરોપીઓએ એક યુવકનું પ્રેમ સંબંધનાં કારણે અપહરણ કરી અને યુવકની નજર સામે યુવકનાં મમ્મી ઉપર આરોપીઓએ ફોર વ્હીલ ચડાવી દઈ હત્યા કરી નાંખી યુવકને ઉપાડી જઈ અલગ અલગ જગ્યાએ માર માર્યાની યુવકે ૩ મહિલા સહિત ૯ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

રાજુલા તાલુકાના નીંગાળા–૧, નવી નિશાળ પાસે રહેતાં ભાવેશભાઈ ભગવાનભાઈ ભીલ નામનાં ૨૫ વર્ષીય યુવકને પોતાના પત્નિ ભારતીબેનની માસીની દીકરી કૈલાસબેન બટુકભાઈ મકવાણા સાથે પ્રેમ સબંધ હોય જે તેણીના પરિવારના સભ્યોને સારૂં નહીં લાગતાં આથી આ કૈલાસબેન ગત તા. ૩ના રોજ તેણી તેના ઘરેથી રાજુલા જવા નીકળેલ હતી. ત્યારે યુવક પણ તેના મમ્મી જીતુબેન સાથે કૈલાસબેનની પાસે રાજુલા જવા નીકળેલ હતાં. તે વખતે નીંગાળા–૧ ગામે નેશનલ હાઈવે રોડ ઉપર બાલકૃષ્ણ પેટ્રોલપંપની સામે પહોંચતાં રાજકોટ ગામે રહેતાં આરોપી યોગેશ બાબુભાઈ મકવાણા, મહુવા ગામે રહેતાં રોહિત બટુકભાઈ મકવાણા, મહેશ ભાયાભાઈ સોલંકી, (રહે. માઢીયા), જયોતિબેન યોગેશભાઈ મકવાણા, કાજલબેન બટુકભાઈ મકવાણા, જાનુબેન બટુકભાઈ મકવાણા, (રહે. તમામ મહુવા) વાળાએ એક સંપ કરી આરોપીઓએ પોતાના હવાલાવાળી અર્ટીગા ફોર વ્હીલ કારમાં આવી ભાવેશભાઈ નામનાં યુવકને તથા તેના મમ્મી જીતુબેનને આડેધડ માર મારી યુવકને બળજબરીથી ફોર વ્હીલ ગાડીમાં બેસાડી અપહરણ કરી લઈ અને તે સમયે આરોપીઓએ યુવકના મમ્મી જીતુબેનને રોડ ઉપર પછાડી દઈ અને ફોર વ્હીલના ચાલક રાજકોટ ગામે રહેતાં આરોપી યોગેશ બાબુભાઈ મકવાણાએ યુવકના મમ્મી જીતુબેનની ઉપર ફોર વ્હીલ ગાડી ચડાવી દઈ તેણીના શરીર ઉપરથી ગાડી ચલાવી દઈ યુવકના મમ્મીને ગંભીર ઈજાઓ પહોંચાડી તેમનું મોત નિપજાવી હત્યાં કરી હતી. અને યુવકનું અપહરણ કરી, ખરેડ ગામે આવેલ ખારામાં લઈ જઈ અને બે અલગ અલગ ટુ વ્હીલરમાં હિતેશ બટુકભાઈ મકવાણા અને તેના પિતા બટુકભાઈ ડાયાભાઈ મકવાણા તથા હિતેશના કાકા કમલેશભાઈ ત્યાં આવી ગયેલ હતાં અને રોહિત તથા મહેશે યુવકને પકડી રાખી અને યુવકે કમરે પહેરેલ પટ્ટો કાઢી મહેશે યુવકને પટ્ટા વડે માર મારી યોગેશે લોખંડના સળીયા વડે યુવકના પગમાં માર મારી, હિતેશ તથા કમલેશે પોતાના પટ્ટા કાઢી આડેધડ માર મારી જયોતિબેન તથા કાજલબેન તથા જાનુબેન તથા બટુકભાઈએ પણ યુવકને ઢીકાપાટુનો આડેધડ માર મારી ઈજા કરી હતી. આરોપી મહેશ ભાયાભાઈ સોલંકીએ યુવક કહેલ કે જો કૈલાસ અમને નહીં મળે તો તને મારીને આ તળાવમાં ફેંકી દઈશું તેમ ધમકી આપી હતી. પછી યુવકને ગાડીમાં બેસાડી મહુવા, ભવાનીનગરમાં આવેલ હિતેશના ઘરે લઈ જઈ ત્યાં પણ આ લોકોએ યુવકને આડેધડ માર મારી ઈજા કર્યાની યુવકે ૩ મહિલા સહિત ૯ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

અમરેલી એલસીબી પોલીસ ઈન્સ્પેકટર સી.પી. વાઘેલા તથા એલસીબી ટીમ ધ્વારા પિપાવાવ મરીન પોલીસ સ્ટેશનના હત્યા તથા અપહરણનો ગંભીર ગુનો કરી ફરાર થયેલ આરોપીઓને બાતમી હકીકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે ગણતરીની કલાકોમાં આરોપી યોગેશ બાબુભાઈ મકવાણા (રહે. રાજકોટ, ગ્રીન્ડલેન્ડ ચોકડી, નવા ગામ), રોહિત બટુકભાઈ મકવાણા તથા હિતેશ બટુકભાઈ મકવાણા (ઉ.વ. ૨૭) રહે. મહુવા, મહેશ ભાયાભાઈ સોલંકી (રહે. માઢીયા, તા. મહુવા), જયોતિબેન યોગેશભાઈ મકવાણા (ઉ.વ. ૩૫) રહે. રાજકોટ, જાનુબેન બટુકભાઈ મકવાણા તથા કાજલબેન બટુકભાઈ મકવાણા (રહે. મહુવા)ને એક ફોર વ્હીલ કાર નં. જી.જે.–૦૩ એલ.બી.–૬૫૯૩ કિંમત રૂપિયા ૫,૦૦,૦૦૦ તથા એન્ડ્રોઈડ મોબાઈલ ફોન નંગ ૪ કિંમત રૂપિયા ૧૭,૫૦૦ મળી કુલ કિંમત રૂપિયા ૫,૧૭,૫૦૦નાં મુદામાલ સાથે પકડી પાડી આગળની કાર્યવાહી થવા પિપાવાવ મરીન પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.









# શહેરીજનોએ વિકાસલક્ષી કામગીરીને બિરદાવીને ખોબલે ખોબલે મત આપતા

# બાબરા પાલિકામાં ભાજપની પૂર્ણ બહુમતી બાદ પદ વહેંચણીને લઈને રાજકીય ગરમાવો

## પ્રમુખ, ઉપપ્રમુખ અને કારોબારી ચેરમેન પદ માટે નવા-જુના ચહેરાઓ વચ્ચે દોડ

બાબરા, તા. ૪

બાબરા નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપને મળેલી પૂર્ણ બહુમતી બાદ હવે સત્તા સ્થાપનાની પ્રક્રિયા સાથે રાજકીય ગરમાવો તેજ બન્યો છે. પ્રમુખ, ઉપપ્રમુખ અને કારોબારી સમિતિના ચેરમેન પદને લઈને શહેરના રાજકીય વર્તુળોમાં અનેક અટકળો અને ચર્ચાઓ તેજ થઈ ગઈ છે.

પ્રમુખ પદ માટે ખાસ કરીને ''સાફ અને નવા ચહેરા'' તરીકે સોનલબેન શિયાણી, રંજનબેન પરવાડિયા અને પૂનમબેન જસાણીના નામો ચર્ચાના કેન્દ્રમાં છે. પાર્ટી દ્વારા નવી નેતાગીરીને આગળ લાવવાની સંભાવનાઓને ધ્યાનમાં રાખીને આ નામો મજબૂત દાવેદાર તરીકે જોવામાં આવી રહ્યા છે.

## સામાજિક સમીકરણોને આધારે નામોની જોરદાર ચર્ચાઓ શરૂ

કારોબારી સમિતિના ચેરમેન પદ માટે વસંતબેન મકવાણા અને રાજેરીબેન બસિયાના નામો આગળ ચાલી રહ્યા છે, જયારે ઉપપ્રમુખ પદ માટે કૌશિક વાળા, મયુરભાઈ રાવલ અને રાજુ વિરોજા વચ્ચે સ્પર્ધા હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

પાટીદાર, વેપારીવર્ગ અને ઓબીસી સમીકરણોને ધ્યાનમાં રાખીને ભાજપ પદ વહેંચણી કરશે તેવી શકયતા વ્યકત થઈ રહી છે. વોર્ડ નંબર ૨માં વર્ષોથી વનરાજ વાળા પરિવારનો પ્રભાવ રહ્યો છે, ત્યારે આ પરિવારના કૌશિક વાળાને ઉપપ્રમુખ પદ આપીને સન્માન વધારવામાં આવે તો નવાઈ નહીં એવી ચર્ચા છે.

## પ્રમુખપદ માટે સોનલબેન શિયાણી, રંજનબેન પરવાડીયા તથા પૂનમબેન જસાણીનાં નામ ચર્ચામાં

વોર્ડ નંબર૩માં શહેર ભાજપના સિનિયર અગ્રણી ભુપતભાઈ બસિયા પરિવારનો દબદબો યથાવત રહ્યો છે. તેમના પરિવારની પુત્રવધુ રાજેરીબેન પ્રથમ વખત વિજેતા બની આવ્યા બાદ આ વોર્ડને કારોબારી ચેરમેન અથવા ઉપપ્રમુખ પદ મળવાની સંભાવનાઓ પણ જોવાઈ રહી છે. તેમજ કોળી સમાજના અગ્રણી ખોડલભાઈ મકવાણાના પરિવારની જીત બાદ તેમની તરફ પણ મહત્વના પદની અપેક્ષા જોવાઈ રહી છે. સામાજિક સમીકરણોને સંતુલિત રાખવા ભાજપ આ દિશામાં વિચારણા કરી શકે છે.

વેપારી વર્ગમાં આ વખતે પ્રમુખ પદ માટે આશાઓ વધુ મજબૂત બની છે. વોર્ડ નંબર ૪માંથી બે વેપારી આગેવાનો વિજેતા બન્યા છે, જેમાં અંકુરભાઈ જસાણીના ધર્મપત્ની પૂનમબેન જસાણી અને બ્રહ્મસમાજના અગ્રણી મયુરભાઈ રાવલનું નામ મુખ્યત્વે આગળ છે. ખાસ કરીને મયુરભાઈ રાવલને ઉપપ્રમુખ પદ માટે પણ દાવેદાર માનવામાં આવી રહ્યા છે.

## કૌશિક વાળાને ઉપપ્રમુખ પદ આપી સન્માન વધારાશે

આમ, પાટીદાર સમાજના બે મુખ્ય નામો અને વેપારી વર્ગમાંથી એક મજબૂત દાવેદાર પ્રમુખ પદની રેસમાં આગળ દેખાઈ રહ્યા છે. ભાજપ દ્વારા દરેક વોર્ડ અને સમાજને પૂરતો ન્યાય મળે તે રીતે પદ વહેંચણી કરવામાં આવશે એવી સંભાવનાઓ વચ્ચે હાલ શહેરમાં માત્ર એક જ ચર્ચા છે. અંતે પાર્ટી કોના પર પસંદગીનો કળશ ઢોળશે ?

હાલ માટે આ તમામ ચર્ચાઓ રાજકીય અટકળો પૂરતી જ સીમિત છે, પરંતુ આવનારા દિવસોમાં ભાજપની સત્તાવાર જાહેરાત બાદ ચિત્ર સંપૂર્ણ રીતે સ્પષ્ટ થશે.

### ખાંભા તાલુકાનાં ડેડાણ ગામે

# મજાક મસ્તી કરવાની ના પાડતાં આધેડ ઉપર જીવલેણ હુમલો કરાયો

## ૨ અજાણ્યા સહિત ૪ સામે નોંધાઈ પોલીસ ફરિયાદ

અમરેલી, તા. ૪

ખાંભા તાલુકાના ડેડાણ ગામે રહેતાં અકિલ રહીમભાઈ કચરા નામનો આરોપી ગત તા. ૨ ના રાત્રીના ૯ વાગ્યે ડેડાણ ગામે સ્મશાનની બાજુમાં આવેલ મેલડીમાંના મંદિરે તે જ ગામે રહેતાં વિનુભાઈ મનુભાઈ લકધીર નામનાં ૫૨ વર્ષીય આધેડ સાથે મઝાક મસ્તી કરતો હોય. જેથી આધેડે સામાવાળા આરોપીને મઝાક મસ્તી નહીં કરવાનું કહેતા આરોપીએ આધેડને ગાળો આપી ઝાપટ મારી દઈ આરોપી તૌફિક કાસમભાઈ અગવાન તથા બે અજાણ્યા ઈસમોને બોલાવતા છરી સાથે તથા તલવાર સાથે લઈ આવી ચારેય આરોપીએ એકસંપ કરી પોતાનો સમાન ઈરાદો પાર પાડવા આધેડ પાસે આવી આધેડ સાથે ઝપાઝપી માથાકુટ કરી આધેડને પકડી રાખી છરી, તલવાર વડે આધેડને જાનથી મારી નાખવાના ઈરાદે પેટના ભાગે ઘા મારવા જતા આધેડે બળ પ્રયોગ કરી તેનો જમણો હાથ આડો કરી દેતાં ઈજા થયેલ. જયારે તલવાર વડે આધેડના જમણા હાથ ઉપર તથા છરી વડે બન્ને પગ ઉપર આડેધડ મરણોતર ઘા કરી ગંભીર ઈજા કરી દઈ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### સાવરકુંડલા તાલુકાનાં

# ઠવી ગામેથી નશાકારક ૧૪૦ બોટલ સાથે ૨ આરોપી ઝડપી લેતી પોલીસ

## રૂા. ૯૮૦૦નો મુદ્દામાલ કબ્જે લઈ કરી કાર્યવાહી

અમરેલી, તા. ૪

સાવરકુંડલા તાલુકાના ઠવી ગામે રહેતાં અને પંચરની કેબીન ધરાવતાં આરોપી વિપુલભાઈ દેવજીભાઈ પાટડીયા વાળાએ ગારીયાધાર ગામે સીતારામનગરના શાખપુર રોડ રહેતાં આરોપી જીગ્નેશભાઈ સવજીભાઈ માણીયા પાસેથી નશાકારક બોટલો નંગ-૧૪૦ કિંમત રૂપિયા ૯૮૦૦ની લીધેલ હતી. જે બોટલોમાં પ્રાદેશિક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા જુનાગઢના અહેવાલથી મુદ્દામાલ પરીક્ષણ અહેવાલ મુજબ ઈથાઈલ આલ્કોહોલનું પ્રમાણ ૬૩.૯૨% તથા ડાયઈથાઈલ પ્થેલેટની હાજરી શોધાયેલ હોય. જેથી સદર નશાકારક બોટલોમા રહેલ પ્રવાહીનું સેવન કરવાથી વધુ નશો ચડે તેમ હોય જેનાથી સેવન કરનાર લોકોના આરોગ્યને હાની પહોંચે તેવુ જાણતા હોવા છતાં સદરહું બોટલો નંગ ૧૪૦ વગર પાસ પરમીટે લોકોને નશા માટે વેચાણ કરવાના હેતુથી લાવી બંને આરોપીઓએ ગુન્હો કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.


રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠ્ઠા
Mo. 93770 03636

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧
પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241

WALK IN INTERVIEW
જનરલ ઓફીસ એડમીનીસ્ટ્રેશન માટે સ્ટાફ જોઇએ છે
GENERAL WEB MANAGEMENT
MULTIMEDIA
(WHATS APP BUSINESS, TWEETER, INSTA, TELEGRAM, FACEBOOK, YOU-TUBE)
GEM PORTAL CORRESPONDENCE
E-MAIL CORRESPONDENCE
GENERAL ACCOUNTING (TALLY – MIRACLE)
IT RETURNS (I-TEX)
PAN CARD APPLICATION
E-STAMP PORTAL
CSC PORTAL
IRCTC RAILWAY TICKET PORTAL
MUTUAL FUND MANAGEMENT
INSURANCE PORTAL
B.Com., Microsoft Office, Tally, English Language, EPFO No., UAN No.
SALARY : Rs. 40 / Hour (Starting) + EPF
TIME : MONDAY to SATURDAY 8:45 AM to 1:45 PM - 2:45 PM to 7:45 PM
MAHAJAN TELNET LLP.
E-mail : info@mahajantelnet.com
Web : www.mahajantelnet.com
95 86 86 86 45

સ્પે. વેકેશન બેચ
સ્પોકન ઈંગ્લિશ
સમય : સવારે ૮ થી ૧૦, બપોરે ૪ થી ૬
કોર્ષ ફી : RS.2500/-
ઓજસ કલાસીસ-અમરેલી
દિપક ભટ્ટ મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧





શું તમે હરસ,મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
ડો. કાજલ બગડા
BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
નાસુર Pilo nidal sinus ની સારવાર
ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
મૂત્રમાર્ગ તથા પિતાશયની પથરીની આયુર્વેદીક સારવાર
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણપરિયા હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com
















### પશ્ચિમ બંગાળમાં ભાજપનું ધમાકેદાર પ્રદર્શન

# પશ્ચિમ બંગાળમાં ભાજપનો ભવ્ય વિજય, TMCનો સફાયો

## પશ્ચિમ બંગાળની ચૂંટણી પરિણામોમાં ભાજપે સ્પષ્ટ બહુમતી મેળવી લીધી છે, આ સાથે જ દેશની આઝાદી બાદ રાજ્યમાં પ્રથમ વખત કમળ ખીલ્યું છે

કોલકાતા, તા.૪

પશ્ચિમ બંગાળમાં ભાજપે ધમાકેદાર પ્રદર્શન કરતાં ભવ્ય વિજય નોંધાવ્યો છે. પશ્ચિમ બંગાળની ચૂંટણી પરિણામોમાં ભાજપે સ્પષ્ટ બહુમતી મેળવી લીધી છે, અને આ સાથે જ દેશની આઝાદી બાદ રાજ્યમાં પ્રથમ વખત કમળ ખીલ્યું છે. જ્યારે મમતા બેનર્જી અને તેમની તૃણમુલ કોંગ્રેસનો સફાયો થઈ ગયો છે. TMC ત્રણ આંકડામાં પણ બેઠકો મળવી શકી નથી. પશ્ચિમ બંગાળમાં ૨૯૪ બેઠકોમાંથી ભાજપ ૨૦૦ની નજીક પહોંચી ગયું હતું, જ્યારે રાજ્યમાં બહુમતી બનાવીને સરકાર બનાવવા માટે ૧૪૮ બેઠકો જરૂરી હોય છે.

પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીના પરાજય માટે વિશ્લેષકો એન્ટી-ઈકમ્બન્સી જણાવી રહ્યા છે. ભાજપ પણ જાણી ગયો હતો કે મમતા બેનર્જીને હરાવવા માટે ચૂંટણીને ફક્ત શાસન પર જ નહીં પરંતુ લોકોના થાક અને કંટાળા પર આધારિત લોકોમતમાં ફેરવવી જરૂરી હતી. પશ્ચિમ બંગાળ મમતા બેનર્જીનો ગઢ છે પરંતુ છેલ્લા કેટલાક સમયથી તેમની સામેનો આક્રોશ વધી રહ્યો હતો.સમગ્ર બંગાળમાં ભાજપને જેટલી સીટો મળી તે સૂચવે છે કે ઘણા મતદારો જે કદાચ ભાજપ સાથે ભાવનાત્મક રીતે જોડાયેલા ન હતા પરંતુ તૃણમુલ કોંગ્રેસને પડકારવા માટે તેમણે ભાજપને સક્ષમ પક્ષ તરીકે જોયો હતો. બીજી તરફ પશ્ચિમ બંગાળમાં ભગવો લહેરાવવામાં સુવેન્દુ અધિકારીની ભૂમિકા પણ ઘણી જ મહત્વની છે. અધિકારી એક સમયે મમતા બેનર્જીના સૌથી નજીકના અને વિશ્વાસુ હતા. જોકે, હવે તે જ મમતાના રાજકીય વારસા સામે ખતરા તરીકે ઊભરી આવ્યા છે. ભાજપ સુવેન્દુ અધિકારીને મુખ્ય મંત્રી બનાવે તેની શક્યતા વધારે છે. સુવેન્દુ અધિકારીએ પશ્ચિમ બંગાળમાં ભાજપના વિજય માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહને શ્રેય આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, ગત ચૂંટણીમાં ભાજપના પરાજય બાદ્ સ્ઝના કાર્યકરો અને સ્થાનિક ગુંડાઓએ ઘણો આંતક મચાવ્યો હતો. ભાજપના કાર્યકરો અને ઘણા હિંદુ રહેવાસીઓએ હિંસાનો સામનો કરવો પડ્યો હરતો. આજે પશ્ચિમ બંગાળના હિંદુઓ અને ભાજપના કાર્યકરો ખુશ હશે, અને તેનો શ્રેય વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને જાય છે.પશ્ચિમ બંગાળમાં ભાજપના ભવ્ય પ્રદર્શન બાદ ભાજપના કાર્યકરોએ ફિશ પાર્ટી કરીને તેની ઉજવણી કરી હતી. મતગણતરી સમયે બપોરે મમતા બેનર્જી મતગણતરીના સેન્ટર પહોંચી ગયા હતા. જોકે, મમતા બેનર્જીની પાર્ટીનો કરૂણ રકાસ થયો હતો.

પશ્ચિમ બંગાળમાં ભાજપે ચૂંટણી જીતને એક સાથે અનેક રેકોર્ડ તોડી દીધા છે. ભાજપને પહેલીવાર એ પશ્ચિમ બંગાળમાં જીત મળી છે, જ્યાં જનસંઘના સંસ્થાપક શ્યામા પ્રસાદ મુખરજીએ પાયો નાંખ્યો હતો. પીએમ નરેન્દ્ર મોદી ખુદ ૨૦૧૪ બાદ અનેકવાર બંગાળમાં જીતવાનું સપનું વ્યક્ત કરી ચૂક્યા છે. સંઘ પરિવારથી લઈને ભાજપા સુધીએ તમામ બંગાળમાં પ્રયાસો કર્યા હતા. આવામાં સંઘના વિચાર પરિવાર અને ભાજપા માટે બંગાળની જીત બુસ્ટર ડોઝ બની છે. તેને ભાજપની જીતની ગંગાસાગર એક્સપ્રેસ કહી શકાય છે. આ જીતે ભાજપની સત્તાને ગંગોત્રીથી ગંગાસાગર સુધી સ્થાપિત કરી દીધી છે. ૨૦૧૪ ની ચૂંટણીના સમયમાં નરેન્દ્ર મોદીએ વારાણસીથી કહ્યું હતું કે, ન તો મને કોઈએ મોકલ્યો છે, ન તો હું અહી આવ્યો છું, મને તો ગંગાએ બોલાવ્યો છે. ૧૨ વર્ષ બાદ ગંગા દેશના જે જે રાજ્યોમાંથી પસાર થાય છે. તેમાંથી એકને છોડીને હવે તમામ જગ્યાઓ પર ભાજપ સત્તામાં છે. ૪ મે, સોમવારના રોજ પશ્ચિમ બંગાળથી લઈને આસામ સુધી જ્યાં જ્યાંથી ચૂંટણી પરિણામો આવી રહ્યાં છે, તેમાં ભાજપને પ્રચંડ બહુમતી મળતી દેખાઈ રહી છે. ગંગોત્રી (ઉત્તરાખંડ) થી શરૂ થઈને ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ બાદ હવે બંગાળ (ગંગાસાગર) સુધી ગંગાના પૂરા પથ પર કેસરિયો રંગ રંગાયો છે. પશ્ચિમ બંગાળમાં ઐતિહાસિક પરિણામોએ ગંગાસાગરને ભગવામય બનાવી દીધો છે. જેમાં ગંગા ઉદગમથી લઈને સંગમ સુધી હવે એક જ વિચારધારાનું શાસન છે. આ માત્ર કોઈ રાજકીય જીત નથી, પરંતું કરોડો ભારતીયોની આસ્થા અને વિશ્વાસનું પ્રતિબિંબ છે.

### ૬ ટર્નિંગ પોઈન્ટ જેણે TMCનો ગઢ તોડ્યો!

# બિહાર ફોર્મ્યુલાએ ભાજપને બંગાળમાં અપાવી બમ્પર જીત

## ભાજપે પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીના પરિણામોથી સાબિત કરી દીધું છે કે, તે હવે માત્ર ઉત્તર ભારતની પાર્ટી નથી

કોલકાતા, તા.૪

બિહાર વિધાનસભા ચૂંટણીમાં ભાજપે મહાવિજય માટે જે ફોર્મ્યુલાનો સફળતાપૂર્વક પ્રયોગ કર્યો હતો, તે જ વ્યૂહરચના બંગાળમાં પણ અજમાવવામાં આવી અને તે સંપૂર્ણ રીતે સફળ રહી. ભાજપે પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીના પરિણામોથી સાબિત કરી દીધું છે કે, તે હવે માત્ર ઉત્તર ભારતની પાર્ટી નથી. સમગ્ર પૂર્વ ભારતમાં પણ હવે ભગવો લહેરાઈ રહ્યો છે. ઓડિશા અને બિહારની સાથે હવે બંગાળમાં પણ ભાજપનો વિજય જોવા મળી રહ્યો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, બિહાર વિધાનસભા ચૂંટણીથી જ ભાજપે બંગાળ ફતહ કરવાનો રસ્તો તૈયાર કર્યો હતો. બિહારની ફોર્મ્યુલા બંગાળમાં પણ કામ કરતી દેખાઈ રહી છે. ઘૂસણખોરોને બહાર કાઢવા, ભય અને ભ્રષ્ટાચાર સામે સુશાસનનું મોડલ તથા મહિલા સુરક્ષા જેવા મુદ્દાઓને વર્તમાન સરકાર વિરુદ્ધ જોરશોરથી ઉઠાવવામાં આવ્યા હતા.

**SIR નો મુદ્દો :-** બિહાર વિધાનસભા ચૂંટણી પહેલા કોંગ્રેસે મતદાર યાદીની સમીક્ષાના અભિયાન વિરુદ્ધ વોટની ચોરીને મુદ્દો બનાવ્યો હતો, પરંતુ ભાજપ બેકફૂટ પર ન આવ્યું. ભાજપે તેને ઘૂસણખોરોને બહાર કાઢવાનું સાધન ગણાવ્યું અને આક્રમક રીતે આ મુદ્દાનો ચૂંટણીમાં ઉપયોગ કર્યો. ઘૂસણખોરો વિરુદ્ધ ભાજપ અસમથી લઈને બંગાળ સુધી આક્રમક વલણ ધરાવતું હતું અને ધ્રુવીકરણ દ્વારા જનતાએ આ મુદ્દાને આવકાર્યો હતો.

**હિન્દુ મતોના ધ્રુવીકરણથી મુસ્લિમ કાર્ડ નિષ્ફળ ગયું :-** ભાજપે બિહારમાં ઘૂસણખોરો વિરુદ્ધ અભિયાન અને મુસ્લિમ તુષ્ટિકરણને મોટો મુદ્દો બનાવ્યો હતો. બિહારમાં ૨૦ ટકાથી વધુ મુસ્લિમ મત હોવા છતાં દ્રઢછ ૨૦૦ બેઠકોના આંકડાને પાર કરી ગયું હતું. બિહારને અડીને આવેલા બંગાળના વિસ્તારોમાં પણ આ રાજકીય સંદેશ પહોંચ્યો હતો. મુસ્લિમ કાર્ડ સામે હિન્દુ મતોના ધ્રુવીકરણથી પરિણામો સંપૂર્ણપણે બદલાઈ ગયા, જ્યારે બંગાળમાં લગભગ ૧૦૦ બેઠકો પર મુસ્લિમ મતો ૨૦ થી ૪૦ ટકા સુધી છે.

**મોદીની છ ગેરંટી :-** બિહાર ચૂંટણી પહેલા ભાજપ-જેડીયુ ગઠબંધને ૧૨૫ યુનિટ મફત વીજળી સાથે મહિલાઓને ૧૦ હજાર રૂપિયાની રોજગાર સહાય યોજના રજૂ કરી હતી. ભાજપનું આ મહિલા કાર્ડ સફળ રહ્યું. દારૂબંધી જેવા મુદ્દાઓ પર મહિલા મતદારો પહેલેથી જ દ્રઢછ સાથે હતા અને આ યોજનાઓએ પ્રવાહ સંપૂર્ણપણે ભાજપ-જેડીયુ તરફ વાળી દીધો. આ સાથે જ સીમા પારની ઘૂસણખોરી રોકવા અને ૪૫ દિવસમાં સરહદ પર ૧૦૦% વાડ બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

**ભય, ભ્રષ્ટાચાર અને ગુંડારાજ સામે :-** ભાજપે ઉત્તર પ્રદેશમાં સપા વિરુદ્ધ અને બિહારમાં આરજેડીના ૧૫ વર્ષના શાસનમાં કથિત ગુંડારાજના મુદ્દાનો પૂરેપૂરો લાભ ઉઠાવ્યો હતો. મહિલાઓ વચ્ચે જઈને ભાજપ-જેડીયુએ લાલટેન યુગ અને લાલુ પ્રસાદ યાદવના શાસનની કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જનતાને યાદ અપાવી હતી. આ જ કાર્ડ બંગાળમાં પણ ભાજપે પૂરી આક્રમકતાથી રમ્યું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને સુવેન્દુ અધિકારીએ ભય અને ભ્રષ્ટાચારના શાસનનો અંત લાવવાની સાથે સિન્ડિકેટ, કટ મની અને ટીએમસી કાર્યકરોના કથિત ગુંડારાજનો મુદ્દો ઉઠાવીને ભાજપ સત્તામાં આવશે તો સુશાસનનું વચન વારંવાર દોહરાવ્યું હતું. મહિલાઓ પર તેની મોટી અસર પડી. સંદેશખાલી અને આરજી કર (RG Kar) ના કિસ્સાઓને પણ મહિલા સુરક્ષા સાથે જોડીને ભાજપે ટીએમસીને ઘેરી હતી.

**મહિલા મતો પણ મમતા પાસેથી ખસ્યા :-** બંગાળ ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૯૩ ટકા અને બીજા તબક્કામાં ૯૦ ટકા મતદાન થયું હતું. ભાજપે મહિલા કાર્ડનું બ્રહ્માસ્ત્ર વાપરીને મમતા બેનર્જી પાસેથી આ વોટબેંક છીનવી લીધી. ગરીબ મહિલાઓ માટે દર મહિને ૩,૦૦૦ રૂપિયા આપવાનું વચન આપ્યું હતું. આરજી કર કેસને ધ્યાનમાં રાખીને મહિલા સુરક્ષા માટે સમર્પિત પોલીસ ટુકડી અને દુર્ગા સુરક્ષા દળ રચવાનું વચન આપ્યું હતું. ગર્ભવતી મહિલાઓ માટે ૨૧,૦૦૦ ની સહાય, બસોમાં મફત મુસાફરી અને સરકારી નોકરીઓમાં ૩૩% અનામતનો સંકલ્પ કર્યો હતો. આ ઉપરાંત સરકારી કર્મચારીઓ માટે તાત્કાલિક અસરથી ૭મું પગાર પંચ લાગુ કરવાનો ભરોસો આપ્યો હતો.

**પ્રવાસીઓમાં બેરોજગારીનો મુદ્દો :-** ભાજપે બિહારમાં ૧ લાખ સરકારી અને ૧ કરોડ રોજગાર આપવાનું વચન આપ્યું હતું. બિહારથી થઈ રહેલા મોટા પાયે સ્થળાંતરને રોકવા માટે કામ કરવાનું વચન આપ્યું હતું. બંગાળમાં જીૈંઈ બાદ નામ કમી થવાના ડરથી મોટી સંખ્યામાં પ્રવાસી મજૂરો આ વખતે રાજ્યમાં પરત ફર્યા હતા. પ્રવાસી મજૂરો વચ્ચે બેરોજગારી અને સ્થળાંતર મોટો ટર્નિંગ પોઈન્ટ બન્યો. સિંગુર અને નંદીગ્રામ જેવા વિસ્તારોમાં ઉદ્યોગોના તાળાબંધીની સ્થિતિને પણ જોરશોરથી ઉઠાવવામાં આવી હતી. હુગલીમાં બટાકાના ખેડૂતોનું સંકટ પણ તૃણમૂલ પર ભારે પડ્યું હતું.

**બંગાળમાં જૂથબંધી દૂર કરી એકજૂથ ચહેરો બતાવ્યો :-** પશ્ચિમ બંગાળમાં બિહારની જેમ ભાજપે એકજૂથ ચહેરો બતાવ્યો. બંગાળ પ્રદેશના સૌમિક ભટ્ટાચાર્ય, પૂર્વ અધ્યક્ષ દિલીપ ઘોષ ઉપરાંત વિપક્ષી નેતા શુભેન્દુ અધિકારી જેવા સ્થાનિક નેતાઓએ પૂરી તાકાતથી સ્થાનિક મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. આ વ્યૂહરચના હેઠળ જ ભાજપે બંગાળમાં મુખ્યમંત્રીનો ચહેરો જાહેર કર્યો ન હતો.

### પ્રચંડ જનાદેશ બાદ વડાપ્રધાન મોદીની પહેલી પ્રતિક્રિયા

# અમારી પાર્ટી પશ્ચિમ બંગાળની જનતાના સપનાઓ અને આકાંક્ષાઓને પૂરી કરવા માટે દરેક શક્ય પ્રયાસ કરશે

## જનતાની શક્તિની જીત થઈ છે અને BJPની સુશાસનની રાજનીતિ સફળ રહી છે, હું પશ્ચિમ બંગાળની દરેક વ્યક્તિ સામે નતમસ્તક છું

નવી દિલ્હી, તા.૪

પશ્ચિમ બંગાળમાં પહેલીવાર કમળ ખીલ્યા બાદ BJPમાં ઉત્સવનો માહોલ છે. TMCને હરાવીને પ્રચંડ જીત મેળવવા પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાની પહેલી પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું છે કે, પશ્ચિમ બંગાળમાં કમળ ખીલી ગયું છે. ૨૦૨૬ની પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી હંમેશા યાદ રાખવામાં આવશે. જનતાની શક્તિની જીત થઈ છે અને BJPની સુશાસનની રાજનીતિ સફળ રહી છે. હું પશ્ચિમ બંગાળની દરેક વ્યક્તિ સામે નતમસ્તક છું.પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, "જનતાએ BJPને એક શાનદાર જનાદેશ આપ્યો છે અને હું તેમને વિશ્વાસ અપાવું છું કે, અમારી પાર્ટી પશ્ચિમ બંગાળની જનતાના સપનાઓ અને આકાંક્ષાઓને પૂરી કરવા માટે દરેક શક્ય પ્રયાસ કરશે. અમે એક એવી સરકાર આપીશું જે સમાજના તમામ વર્ગોને તક અને સન્માન સુનિશ્ચિત કરશે."એક અન્ય પોસ્ટમાં તેમણે કહ્યું કે, પશ્ચિમ બંગાળમાં BJPની આ ઐતિહાસિક જીત છે, પેઢીઓથી અસંખ્ય કાર્યકર્તાઓના પ્રયાસો અને સંઘર્ષો વગર આ જીત શક્ય નહોતી. હું તે સૌને નમન કરું છું. વર્ષો સુધી તેમણે પાયાના સ્તરે સખત મહેનત કરી છે, દરેક પ્રકારની મુશ્કેલીઓનો સામનો કર્યો છે અને અમારા વિકાસના એજન્ડાને લોકો સુધી પહોંચાડ્યો છે. તેઓ જ અમારી પાર્ટીની અસલી તાકાત છે.જ્યારે અસમમાં ફરી એકવાર ભાજપને બહુમતી મળવા પર પ્રધાનમંત્રીએ કહ્યું કે, "અસમની જનતાએ ભાજપ-દ્રઢછને ફરી એકવાર આશીર્વાદ આપ્યા છે. અસમ વિધાનસભા ચૂંટણીમાં ભાજપ-NDAની જીત અમારા ગઠબંધનના વિકાસ અને જનજીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાના પ્રયાસો પ્રત્યે અતૂટ સમર્થનને દર્શાવે છે. હું અસમના મારા તમામ ભાઈઓ અને બહેનોને આ શાનદાર જનાદેશ માટે આભાર માનું છું. હું તેમને એ પણ ખાતરી આપું છું કે અમે રાજ્યના વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહીશું."તેમણે વધુમાં કહ્યું કે, "હું અસમની જનતા વચ્ચે અથાક પરિશ્રમ કરનારા ભાજપ-દ્રઢછ કાર્યકર્તાઓની પ્રશંસા કરું છું. છેલ્લા એક દાયકામાં અમારી પાર્ટી અને ગઠબંધનની પ્રગતિ પ્રશંસનીય છે. તેમના પ્રયાસોથી અમારો સકારાત્મક એજન્ડા જનતાના દિલને સ્પર્શી શક્યો છે."પુડુચેરીના ચૂંટણી પરિણામો પર પ્રધાનમંત્રીએ કહ્યું કે, "પુડુચેરી, તમારો આભાર. સુશાસનના અમારા ઉત્કૃષ્ટ રેકોર્ડ અને એન. રંગાસામીના નેતૃત્વવાળી સરકારના કાર્યોના આધારે, પુડુચેરીની જનતાએ દ્રઢછને વધુ એક કાર્યકાળના આશીર્વાદ આપ્યા છે. આ આશીર્વાદ સુશાસનને પ્રોત્સાહન આપવાના અમારા સામૂહિક પ્રયાસોને ગતિ પ્રદાન કરશે."તેમણે કહ્યું કે, "હું પુડુચેરીના દ્રઢછ કાર્યકર્તાઓના પાયાના સ્તરે કરેલા અસાધારણ પ્રયાસો પર ખૂબ ગર્વ અનુભવું છું. તેઓ સતત લોકોની વચ્ચે રહ્યા છે અને તેમણે અમારા વિઝન અને કાર્ય અનુભવ વિશે વિગતવાર જણાવ્યું છે. આ જ કારણે લોકોએ અમને ફરી એકવાર આશીર્વાદ આપ્યા છે."

### કોંગ્રેસને આસામ ચૂંટણીમાં મોટો ઝટકો

# આસામ કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ ગૌરવ ગોગોઈની જોરહાટ બેઠક પરથી હાર

## ભાજપના ઉમેદવાર હિતેન્દ્ર નાથ ગોસ્વામીએ ૨૦,૦૦૦થી પણ વધુ મતોથી જીત મેળવી છે

દીસપુર, તા.૪

આસામ વિધાનસભા ચૂંટણીના પરિણામમાં ભાજપની પ્રચંડ જીત થવાની સાથે કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. રાજ્યની હોટ સીટ અને કોંગ્રેસના ગઢ જોરાહાટ બેઠક પરથી દિગ્ગજ ઉમેદવારની મોટા માર્જીનથી હાર થઈ છે. આસામ કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ અને કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઈની જોરહાટ બેઠક પરથી હાર થઈ છે, તેમની સામે ભાજપના ઉમેદવાર હિતેન્દ્ર નાથ ગોસ્વામીએ ૨૦,૦૦૦થી પણ વધુ મતોથી જીત મેળવી છે. ચૂંટણી પંચના ડેટા મુજબ જોરહાટા વિધાનસા ક્ષેત્રના પરિણામમાં ગૌરવ ગોગોઈને ૪૬,૨૫૭ મત મળ્યા છે, જ્યારે હિતેન્દ્ર ગોસ્વામીને ૬૯,૪૩૯ મત છે. ગોગોઈએ પહેલીવાર વિધાનસભા ચૂંટણી લડી છે, તો ગોસ્વામી અત્યાર સુધી છ વિધાનસભા ચૂંટણીમાં જીત મેળવી છે. અગાઉ ગોસ્વામી આસામ ગણ પરિષદ (AGP) તરીકે ત્રણ વખત, તે પછી ભાજપના ઉમેદવાર તરીકે ત્રણ વખત ધારાસભ્ય રહી ચુક્યા છે.આસામમાં કુલ ૧૨૬ વિધાનસભા બેઠકો છે, ત્યારે આમ આદમી પાર્ટીએ માત્ર ૨૧ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા. AAPએ ભાજપ પહેલા જ ઉમેદવારોના નામની જાહેરાત કરીને એવા સંકેત આપ્યા હતા કે, પાર્ટી આસામના ચૂંટણી જંગમાં પહેલેથી જ તૈયાર છે. કેજરીવાલની પાર્ટીએ જે ઉમેદવારો પર વિશ્વાસ મૂક્યો હતો, તેઓને રાજ્યમાં કે રાષ્ટ્રીયસ્તરે ખાસ કોઈ ઓળખતું નથી, પરંતુ તે ઉમેદવારો હાથમાં ઝાડુ લઈને અરવિંદ કેજરીવાલના વિજનને આગળ વધારી રહ્યા હતા. આસામમાં આમ આદમી પાર્ટીના ઉમેદવારો ખાસ પ્રભાવ દેખાડવામાં સંપૂર્ણ નિષ્ફળ ગયા છે. બપોર સુધીમાં આપને માત્ર ૦.૧૩ ટકા મત મળ્યા છે. જ્યારે રાજ્યમાં નોટાને ૧.૩૦ ટકા મળ મળ્યા છે. લગભગ ભાજપે રાજ્યમાં ૪૦ ટકા વોટ શેર મેળવીને પ્રચંડ જીત મેળવી છે.

# તમિલનાડુમાં બમ્પર જીત બાદ વિજયના ઘરમાં ઉજવણી

ચેન્નાઈ, તા.૪

અભિનેતા વિજય તમિલનાડુના નવા કિંગ બનવા જઈ રહ્યા છે. અત્યાર સુધીના ટ્રેન્ડ્સ દર્શાવે છે કે વિજયની પાર્ટી ટીવીકે ૧૦૦થી વધુ બેઠકો પર આગળ છે. કોઈએ કલ્પના પણ કરી ન હતી કે પહેલી વાર ચૂંટણી લડી રહેલી ટીવીકેને એટલું બધુ સમર્થન મળશે કે તે ડીએમકે અને એઆઈએડીએમકેને પાછળ છોડી દેશે. વિજયની સફળતાથી ફક્ત તેમના પક્ષના કાર્યકરો જ નહીં પરંતુ તેમના પરિવારના સભ્યો પણ ખુશ થયા છે. વિજયના પરિવારનો આનંદ કોઈ પાર નથી. આખા પરિવારે ટીવીકેની જીતની ઉજવણી એક સાથે સીટી વગાડીને કરી હતી.અભિનેતા વિજયના માતા-પિતા, બાળકો અને પરિવારના અન્ય સભ્યો ડ્રોઈંગ રૂમમાં સાથે બેઠા હતા, સીટી વગાડતા અને પાર્ટીના પ્રભાવશાળી પ્રદર્શનની ઉજવણી કરતા જોવા મળ્યા હતા. અગાઉ, બીજો એક વીડિયો સામે આવ્યો હતો જેમાં પરિવાર ખુશીથી કૂદતો જોવા મળ્યો હતો. ટ્રેન્ડ્સ દર્શાવે છે કે વિજયની પાર્ટી ટીવીકે ૧૦૦ થી વધુ બેઠકો પર આગળ છે. સ્પષ્ટ અર્થ એ છે કે ટીવીકે તમિલનાડુમાં સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી છે. પરિણામે તેના કાર્યકરો પણ ખૂબ ઉત્સાહી છે. તેઓ વિજયના ચિત્રો હાથમાં લઈને ઉજવણી કરી રહ્યા છે.તમિલનાડુમાં વિજયના નેતૃત્વ હેઠળની ટીવીકે ૧૦૨ બેઠકો પર આગળ છે. એઆઈએડીએમકેના ઉમેદવારો ૭૩ બેઠકો પર અને ડીએમકેના ઉમેદવારો ૪૮ બેઠકો પર આગળ છે. તમિલનાડુના પ્રારંભિક વલણોને પગલે વિજયની સુરક્ષા વધારી દેવામાં આવી છે. વિજયના ઘરની બહાર પણ સુરક્ષા કડક કરવામાં આવી છે.

### મમતા બેનર્જીની નજીકના સાયોની ઘોષે આપી પ્રતિક્રિયા

# અમે જમીન પર હાજર છીએ અને જમીન પર રહીશું

## ચૂંટણી પ્રચારમાં સાયોની ઘોષ મમતા બાદ મોટો ચહેરો હતો

કોલકત્તા, તા.૪

પશ્ચિમ બંગાળમાં ભાજપ પ્રચંડ જીત તરફ આગળ વધી રહ્યું છે. અત્યાર સુધીના ટ્રેન્ડ પ્રમાણે ભાજપ ૧૯૮ સીટ અને ટીએમસી આશરે ૯૦ સીટો પર આગળ ચાલી રહી છે. આ વચ્ચે ટીએમસી સાંસદ અને મમતા બેનર્જીની નજીકની સહયોગી સાયોની ઘોષના નિવેદને સ્પષ્ટ કરી દીધું કે તેમણે હાર સ્વીકાર કરી લીધી છે. એક્સ પોસ્ટમાં તેમણે કહ્યું કે અમે જમીન પર હાજર છીએ અને જમીન પર રહીશું. ટીએમસી સાંસદે લખ્યું- 'ECI ના અંતિમ અપલોડની પ્રતીક્ષા છે. જોય બાંગ્લા. આ ચૂંટણી પ્રચારમાં સાયોની ઘોષ મમતા બેનર્જી બાદ મોટો ચહેરો હતો. તે પીએમ મોદી અને ગૃહમંત્રી અમિત શાહ પર હુમલા કરી રહી હતી અને બંને નેતાઓને બાહરી નેતા ગણાવી રહી હતી. કોલકત્તામાં મતદાન કર્યા બાદ તેમણે કહ્યું હતું કે સફેદ સાડી અને ચપ્પલમાં મમતા બેનર્જી બંગાળની જનતા સાથે છે અને જનતા પણ મમતા દીદીની સાથે ચાલી રહી છે. તેમણે કહ્યું કે ભાજપના હાથમાંથી જમીન ખસકી ગઈ છે, મમતા બેનર્જી લડશે અને જીતશે.જોકે સાયોની ઘોષની ભવિષ્યવાણી ખોટી પડી છે અને ભાજપ ૨૦૦ સીટો પર આગળ છે. આ આંકડો મમતા બેનર્જી અને તેમની પાર્ટી ટીએમસી માટે ચિંતા વધારનારો છે. સૌથી ચર્ચા તે વાતની છે કે જે મુસ્લિમ મતોને ટીએમસી પોતાનો આધાર માનતી રહી છે, તે હવે ધરાશાયી થતો જોવા મળી રહ્યો છે. ઘણા મુસ્લિમ વિસ્તારમાં ભાજપે લીડ મેળવી છે.તેની પાછળ ઘણા કારણો હોઈ શકે છે. ટીએમસીને પહેલા આશંકા હતી કે જીૈંઈ ને કારણે મુસ્લિમ મત કપાતા નુકસાન થઈ શકે છે. તો આ ચૂંટણીમાં હિંદુ મતદાતા મોટી સંખ્યામાં ભાજપની તરફેણમાં આવતા જોવા મળી રહ્યાં છે. કેટલીક સીટો પર કોંગ્રેસની હાજરીએ પણ ટીએમસીની વોટ બેંકને પ્રભાવિત કરી છે.પશ્ચિમ બંગાળ ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીની સફળતા બાદ કાર્યકરોમાં ઉત્સાહ છે. રાજ્યમાં અલગ-અલગ જગ્યાએ કાર્યકર્તા ઉત્સાહ મનાવી રહ્યાં છે. કોલકત્તામાં ભાજપની ઓફિસ બહાર કમલા ભોગ તથા ઝાલમુડી અને મિઠાઈઓ વહેંચવામાં આવી રહી છે. સાથે બંગાળમાં જય શ્રીરામના નારા ગૂંજી રહ્યાં છે.

### કોંગ્રેસ ગઠબંધન આવ્યું સત્તામાં

# કેરળમાં હાર સાથે જ દેશમાંથી લેફ્ટ શાસનનો સફાયો થયો

## ૧૦ વર્ષ બાદ કેરળમાં પિનરાઈની ગઈ સરકાર, વિજયન સરકારના ૧૨ મંત્રીઓ હાર્યા ચૂંટણી

થિરૂવનંતપૂરમ્, તા.૪

દક્ષિણ ભારતના રાજકીય પ્રવેશ દ્વાર સમાન કેરલમમાં મોટો ઉલટફેર જોવા મળ્યો છે. કોંગ્રેસના નેતૃત્વ હેઠળનું યુનાઈટેડ ડેમોક્રિટિક ફ્રન્ટે સ્પષ્ટ બહુમતિ મેળવી છે. જ્યારે સત્તારૂઢ લેફ્ટ ડેમોક્રિટિક ફ્રન્ટ એટલે કે LFDને આંચકો લાગ્યો છે. કેરલમાં સત્તા જતા જ દેશમાં ડાબેરીઓનો પણ સફાયો થઈ ગયો છે. કેરળના ચોંકાવનારા પરિણામો સામે આવ્યા છે. કેમ કે ડાબેરીઓ પાસેથી કોંગ્રેસ ગઠબંધને સત્તા છીનવી લીધી છે. કોંગ્રેસ ગઠબંધન UDFએ સ્પષ્ટ બહુમતિ મેળવી લીધી છે. સત્તા વિરોધી લહેરના કારણે પિનરાઈ વિજયનને સત્તા ખોવાનો વારો આવ્યો છે. કેરળમાં ભવ્ય જીત મળતા કોંગ્રેસના નેતાઓએ વધાવી છે. કેરળ વિધાનસભાની ચૂટણીના પરિણામની વાત કરીએ તો કોંગ્રેસ ૬૩ બેઠકો જીતી છે, તો CPIએ ૨૬ બેઠકો જીતી છે. આ ઉપરાંત ઈન્ડિયન મુસ્લિમ લીગે ૨૨ બેઠકો પર જીત મેળવી છે. CPIએ ૮ બેઠક તેમજ કેરલા કોંગ્રેસે સાત બેઠકો પર જીત મેળવી છે. આ ઉપરાંત રિવોલ્યુશનરી સોશિયાલિસ્ટ પાર્ટીએ ત્રણ અને ભાજપે ત્રણ બેઠકો પર જીત મેળવી છે.

મુખ્યમંત્રી પિનરાઈ વિજયન જેમના નેતૃત્વમાં ડાબેરીઓએ સતત બીજી વાર સત્તા મેળવીને ઈતિહાસ રચ્યો હતો. પરંતુ આ વખતે તેમને હારનો સામનો કરવો પડ્યો છે. કેરળમાં ડાબેરીઓની હાર થતાની સાથે જ ડાબેરીઓનો ગઢ સત્તામાંથી સમાપ્ત થયો છે. કોંગ્રેસ સાંસદ ઈમરાન પ્રતાપગઢીએ કોંગ્રેસના તમામ નેતાઓને એકજૂથ થઈને ચૂંટણી લડવાની વાત કરી છે.

પશ્ચિમ બંગાળ અને ત્રિપુરામાંથી સત્તા ગુમાવ્યા બાદ ડાબેરીઓને કેરળમાં સત્તા જાળવી રાખવાની આશા હતી. પરંતુ કેરળમાંથી પણ ડાબેરીઓની સત્તા જતી રહી છે. કેરળ સરકારના ૧૨ મંત્રીઓ પણ ચૂટણી હારી ગયા છે. જો કે, મુખ્યમંત્રી પિનરાઈ વિજયન ધર્મધમ બેઠક પરથી જીતી ગયા છે. કેરળમાં કારમી હાર થતાં જ હવે ડાબેરી નેતાઓ મંથન કરવા લાગી ગયા છે.

### આસામમાં કેજરીવાલને ઝટકો

# આસામમાં ચૂંટણી લડનાર AAPની દયનીય હાલત

## આસામમાં આમ આદમી પાર્ટીના ઉમેદવારો ખાસ પ્રભાવ દેખાડવામાં સંપૂર્ણ નિષ્ફળ : માત્ર ૦.૧૩ ટકા મત મળ્યા

નવી દિલ્હી, તા.૪

પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, કેરાલા, આસામ અને પુડુચેરી વિધાનસભા ચૂંટણીના પરિણામો સામે આવી ગયા છે. ત્રણ રાજ્યોમાં ભાજપનો ભગવો લહેરાયો છે, તો એકમાં કોંગ્રેસ અને એકમાં અભિનેતા થલાપતિ વિજયની પાર્ટીની જીત થઈ છે. આસામ વિધાનસભા ચૂંટણીના પરિણામમાં સૌથી મોટો ઝટકો અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટી (AAP)ને મોટો ઝટકો લાગ્યો છે. આપની એવી શરમજનક સ્થિતિમાં મુકાયુ છે કે, તેને એક ટકાથી પણ ઓછા મત ળ્યા છે.

આસામમાં કુલ ૧૨૬ વિધાનસભા બેઠકો છે, ત્યારે આમ આદમી પાર્ટીએ માત્ર ૨૧ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા. AAPએ ભાજપ પહેલા જ ઉમેદવારોના નામની જાહેરાત કરીને એવા સંકેત આપ્યા હતા કે, પાર્ટી આસામના ચૂંટણી જંગમાં પહેલેથી જ તૈયાર છે. કેજરીવાલની પાર્ટીએ જે ઉમેદવારો પર વિશ્વાસ મૂક્યો હતો, તેઓને રાજ્યમાં કે રાષ્ટ્રીયસ્તરે ખાસ કોઈ ઓળખતું નથી, પરંતુ તે ઉમેદવારો હાથમાં ઝાડુ લઈને અરવિંદ કેજરીવાલના વિજનને આગળ વધારી રહ્યા હતા.

આસામમાં આમ આદમી પાર્ટીના ઉમેદવારો ખાસ પ્રભાવ દેખાડવામાં સંપૂર્ણ નિષ્ફળ ગયા છે. બપોર સુધીમાં આપને માત્ર ૦.૧૩ ટકા મત મળ્યા છે. જ્યારે રાજ્યમાં નોટાને ૧.૩૦ ટકા મળ મળ્યા છે. લગભગ ભાજપે રાજ્યમાં ૪૦ ટકા વોટ શેર મેળવીને પ્રચંડ જીત મેળવી છે. પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજીની પાર્ટી તૃમણૂલ કોંગ્રેસ (TMC)ને મોટી પછળાટ આપીને કમળ ખીલ્યું છે, તો તમિલનાડુમાં પહેલી વખત ચૂંટણી લડનાર અભિનેતા થલાપતિ વિજયની પાર્ટી તમિલગા વેત્રી કડગમે (TVK) રાજ્યની સત્તા સુધી પહોંચી ગયા છે. આ ઉપરાંત કેરલમમાં કોંગ્રેસના ગઠબંધન યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (UDF)એ સીપીઆઈએમની આગેવાની હેઠળના શાસક ડાબેરી ડેમોક્રેટિક ફ્રન્ટ (LDF) પાસેથી સત્તા આંચકી લીધી છે. જ્યારે આસામમાં અને પુડુચેરીમાં પણ ભાજપનો ભગવો લહેરાયો છે.

### બંગાળમાં ૭૫ વર્ષ બાદ ભાજપનું પિતૃઋણ અદા!

# શ્યામા પ્રસાદ મુખર્જીની જન્મભૂમિ પર પહેલીવાર ભગવો લહેરાયો

## શ્યામા પ્રસાદ મુખર્જીના વિચારોના આધારે જ ૧૯૮૦માં ભાજપનો પાયો નખાયો હતો : તેઓ ભાજપના પિતામહ કહેવાય છે

કોલકાતા, તા.૪

પશ્ચિમ બંગાળના રાજકારણમાં એક નવો ઈતિહાસ લખાયો છે. હુગલીની લહેરોથી લઈને દાર્જિલિંગની પહાડીઓ સુધી જય શ્રી રામના નારા ગુંજી રહ્યા છે, જે દર્શાવે છે કે બંગાળનો રાજકીય મિજાજ બદલાઈ ગયો છે. આ દિવસની રાહ ભાજપના નેતાઓ અને કાર્યકરો દાયકાઓથી જોઈ રહ્યા હતા.

ભાજપ માટે બંગાળ વિધાનસભા ચૂંટણીની જીત માત્ર એક જીત નથી, પરંતુ તે પિતૃઋણની ચુકવણી પણ છે, જે ભારતીય જનસંઘના સ્થાપક ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી પ્રત્યે આ વિચારધારાના દરેક કાર્યકર પર ઉધાર હતી તેમ કહેવામાં પણ અતિશયોક્તિ નથી. ભાજપના પિતામહ ગણાતા શ્યામા પ્રસાદ મુખર્જીની જન્મભૂમિ પર પ્રથમ વખત પૂર્ણ બહુમતી સાથે કમળ ખીલ્યું છે.

ભાજપના સ્થાપક દીનદયાલ ઉપાધ્યાયના કર્તવ્ય પથ ઉત્તરાખંડથી ઉત્તર પ્રદેશમાં તો પહેલા જ સરકાર બની ગઈ હતી, પરંતુ શ્યામા પ્રસાદ મુખર્જીની જન્મભૂમિ બંગાળમાં ૭૫ વર્ષ પછી આ સપનું સાકાર થયું છે. મુખર્જીના વિચારોના આધારે જ ભાજપનો પાયો નખાયો હતો. આવી સ્થિતિમાં શ્યામા પ્રસાદ મુખર્જીની જન્મભૂમિ પર ભાજપ એક મોટી શક્તિ તરીકે ઉભરી આવ્યું છે.

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના પરિણામોનું ચિત્ર એકદમ સ્પષ્ટ થઈ ગયું છે. ચૂંટણીના વલણોમાં રાજ્યમાં ભાજપ બહુમતી કરતાં વધુ બેઠકો મેળવતી જણાય છે. ભાજપ ૧૯૦થી વધુ બેઠકો જીતતી દેખાઈ રહી છે, જ્યારે TMC ૧૦૦થી ઓછી બેઠકો પર સમેટાઈ રહી હોય તેમ લાગે છે. આવી સ્થિતિમાં ભાજપ પ્રચંડ બહુમતી સાથે સરકાર બનાવવાની સ્થિતિમાં છે. બીજી તરફ, તૃણમૂલ કોંગ્રેસની ૧૫ વર્ષ જૂની મમતા સરકારની સત્તામાંથી વિદાય દેખાઈ રહી છે. મમતા બેનર્જીની પાર્ટીનો પતન સ્પષ્ટ દેખાય છે. બંગાળમાં ભાજપની આ જીત માત્ર આંકડાઓની રમત નથી, પરંતુ એક ઊંડો વૈચારિક વિજય છે. ૨૦૨૬ના પરિણામોએ સાબિત કરી દીધું છે કે બંગાળની જનતાએ તે સાંસ્કૃતિક રાષ્ટ્રવાદને સ્વીકારી લીધો છે, જેનો પાયો ડૉ. મુખર્જીએ નાખ્યો હતો.

શ્યામા પ્રસાદ મુખર્જીના વિચારોના આધારે જ ૧૯૮૦માં ભાજપનો પાયો નખાયો હતો. આ જ કારણ છે કે શ્યામા પ્રસાદ મુખર્જીને ભાજપના પિતામહ કહેવામાં આવે છે, જેમનું સપનું હવે સાકાર થયું છે. ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીએ સૂત્ર આપ્યું હતું કે, એક દેશમાં બે વિધાન, બે પ્રધાન અને બે નિશાન નહીં ચાલે. કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબૂદ કર્યા પછી, ભાજપ માટે બંગાળ જીતવું એ વૈચારિક ચક્ર પૂર્ણ કરવા સમાન હતું. મમતા બેનર્જીની મા, માટી, માનુષના રાજકારણના જવાબમાં ભાજપે સૌનો સાથ, સૌનો વિકાસ અને સભ્યતાની સુરક્ષાનો જે નેરેટિવ રજૂ કર્યો, તેણે બંગાળના મધ્યમ વર્ગ અને ગ્રામીણ વસ્તીના મોટા હિસ્સાને હચમચાવી દીધો. બંગાળ ચૂંટણી પ્રચાર દરમિયાન નાના કાર્યકર્તાઓથી માંડીને PM મોદી સુધીના નેતાઓ જનસંઘના સ્થાપક ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીનું સપનું પૂરું કરવાનું વચન આપતા રહ્યા હતા, જે તેમણે સાકાર કરીને બતાવ્યું. શ્યામા પ્રસાદ મુખર્જીનો જન્મ ૧૯૦૧માં કોલકાતાના બંગાળી બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેમણે તેમની રાજકીય સફરની શરૂઆત ૧૯૨૯થી કરી અને કોંગ્રેસ સાથે જોડાયા. જો કે, એક વર્ષ પછી જ તેમણે કોંગ્રેસ છોડી દીધી. ૧૯૩૯માં તેઓ હિંદુ મહાસભામાં જોડાયા અને ૧૯૪૦માં હિંદુ મહાસભાના પ્રમુખ બન્યા. તેઓ સ્વતંત્ર ભારતની પ્રથમ સરકારમાં કેબિનેટ મંત્રી પણ રહ્યા હતા. દેશના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુએ તેમની ક્ષમતા જોઈને મુખર્જીને પોતાના મંત્રીમંડળમાં ઉદ્યોગ અને પુરવઠા મંત્રી બનાવ્યા હતા, પરંતુ તેઓ લાંબો સમય સાથે રહ્યા નહીં. નેહરુ કેબિનેટમાંથી રાજીનામું આપીને વર્ષ ૧૯૫૧માં શ્યામા પ્રસાદ મુખર્જીએ ભારતીય જનસંઘની રચના કરી, આ તે જ ભારતીય જનસંઘ છે જેના વૈચારિક એજન્ડા પર ભાજપની રચના થઈ હતી. ઈતિહાસ સાક્ષી છે કે જનસંઘ (હવે ભાજપ)નો જન્મ બંગાળના ગર્ભમાંથી થયો હતો, પરંતુ રાજકીય વિડંબના એ હતી કે દાયકાઓ સુધી આ પક્ષ પોતાની જ જન્મભૂમિ પર બહારનો ગણાતો રહ્યો. જનસંઘથી લઈને ભાજપ સુધી, બંગાળની જમીન ૭૫ વર્ષ સુધી રાજકીય રીતે વેરાન રહી હતી. ડાબેરીઓના ૩૪ વર્ષ અને તૃણમૂલ કોંગ્રેસના ૧૫ વર્ષોએ ભાજપની શક્તિ સીમિત બનાવીને રાખી હતી.

આઝાદી પછી પહેલીવાર બંગાળમાં ભાજપની સરકાર બનવા જઈ રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૭ એપ્રિલે પશ્ચિમ બંગાળના બેરકપુરમાં વિજય સંકલ્પ સભા દરમિયાન રાજકીય માહોલ જોઈને કહ્યું હતું કે શ્યામા પ્રસાદ મુખર્જીનું સપનું સાકાર થવા જઈ રહ્યું છે. તેમણે કહ્યું હતું કે જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ની મોટાભાગની જોગવાઈઓ નાબૂદ કરીને ભાજપે શ્યામા પ્રસાદ મુખર્જીના સંકલ્પોમાંથી એક પૂર્ણ કર્યો છે. બંગાળમાં નવી ભાજપ સરકાર શ્યામા પ્રસાદ મુખર્જીના રાજ્યની સમૃદ્ધિના સપનાને પૂર્ણ કરશે અને ગેરકાયદેસર ઘૂસણખોરીના મુદ્દાનો ઉકેલ લાવશે. બંગાળમાં હવે ભાજપ બહુમતીનો આંકડો (૧૪૮) પાર કરીને ૧૯૦ થી વધુ બેઠકો જીતી રહી છે, ત્યારે આ ડૉ. મુખર્જીના એ વિઝનની જીત છે જેમાં તેમણે એક અખંડ અને સાંસ્કૃતિક રીતે મજબૂત ભારતની કલ્પના કરી હતી. પક્ષના નેતૃત્વએ આ ચૂંટણી અંતિમ યુદ્ધની જેમ લડી હતી. પીએમ મોદીની રેલીઓથી લઈને બૂથ સ્તર સુધી પ્રવાસ કરનારા કાર્યકરોએ બંગાળને એ સમજાવવામાં સફળતા મેળવી કે ભાજપ બહારનો પક્ષ નથી, પરંતુ બંગાળની અસલી માટીનો પક્ષ છે.

કોલકાતાના ભાજપ મુખ્ય મથક હેસ્ટિંગ્સમાં આજે ગુલાલ ઉડી રહ્યો છે, પરંતુ આ જશ્ન માત્ર જીતનો નથી.

આ તે સંકલ્પના પૂર્ણ થવાનો છે જે ૧૯૫૧માં ડૉ. મુખર્જીએ લીધો હતો. પ્રથમ વખત બંગાળ વિધાનસભામાં મુખ્યમંત્રીની ખુરશી પર કોઈ કમળનો સિપાહી બેસશે. ભાજપ માટે આ જીત એટલા માટે પણ મોટી છે કારણ કે તેમણે તે ધરતી પર પોતાની સત્તા સ્થાપિત કરી છે જ્યાંથી તેમના વૈચારિક પૂર્વજોએ ભારતને નવી દિશા આપવાનું સાહસ કર્યું હતું. શ્યામા પ્રસાદ મુખર્જીની આત્મા આજે સંતુષ્ટ હશે, તેમના બંગાળે આખરે તેમના જ વૈચારિક વંશજોને અપનાવી લીધા છે.

---

### ૧૪ જૂનને રવિવારના રોજ રમાશે આ મેચ

# ફરી ક્રિકેટના મેદાન પર જોવા મળશે ભારત-પાકિસ્તાનની વચ્ચે ટક્કર

## ICC મહિલા T20 વર્લ્ડ કપ ૨૦૨૬ ૧૨ જૂનથી શરૂ થશે

નવી દિલ્હી, તા.૪

ભારત અને પાકિસ્તાન ફરી એકવાર મેદાન પર આમને-સામને થશે. જ્યારે પણ આ બે હરીફ ટીમો ક્રિકેટ પીચ પર ટકરાય છે, ત્યારે ઉત્સાહ તેની ચરમસીમાએ પહોંચી જાય છે. આ વખતે આ મુકાબલો મહિલા T20 વર્લ્ડ કપ દરમિયાન થશે. ત્યારે આ મેચ ક્યારે અને ક્યાં રમાવાની છે, તેના પર એક નજર કરીએ.

ICC મહિલા T20 વર્લ્ડ કપ ૨૦૨૬ ૧૨ જૂનથી શરૂ થવાનો છે. શરૂઆતના દિવસે ઈંગ્લેન્ડ અને શ્રીલંકાની મહિલા ક્રિકેટ ટીમો એકબીજા સામે ટકરાશે. ત્યારબાદ એક પછી એક મેચો શરૂ થશે. ભારતીય મહિલા ટીમની વાત કરીએ તો, તેઓ ૧૪ જૂને પ્રથમ વખત મેદાનમાં ઉતરશે. તે દિવસે જ ભારત અને પાકિસ્તાન મહિલા ક્રિકેટ ટીમો વચ્ચે મેચ થશે. આ જ દિવસે બાંગ્લાદેશ અને નેધરલેન્ડ્સ એકબીજા સામે ટકરાશે, ત્યારબાદ સાંજે ૭:૦૦ વાગ્યે ભારત-પાકિસ્તાન મુકાબલો થશે. ૧૪ જૂનને રવિવારના રોજ ઈંગ્લેન્ડના બર્મિંગહામમાં આ મેચ રમાશે.

પાકિસ્તાન સાથેની ટક્કર બાદ ભારતીય મહિલા ટીમનો બીજો મુકાબલો ૧૭ જૂને નેધરલેન્ડ્સ સામે થશે. ત્યારબાદ ૨૧ જૂને, ભારત દક્ષિણ આફ્રિકાની ટીમનો સામનો કરશે. ભારત અને બાંગ્લાદેશ વચ્ચેનો મુકાબલો ૨૫ જૂને યોજાવાનો છે. ભારતની અંતિમ લીગ મેચ ૨૮ જૂને ઓસ્ટ્રેલિયા સામે થશે. ભારતીય મહિલા ટીમે હજુ સુધી એક પણ T20 વર્લ્ડ કપ ખિતાબ જીત્યો નથી. આ વખતે ટીમ કેવું પ્રદર્શન કરે છે અને તેઓ આગામી રાઉન્ડમાં સ્થાન મેળવવામાં સફળ થાય છે કે કેમ તે જોવાનું રહેશે.

ICC મહિલા T20 વર્લ્ડ કપ માટે ભારતીય ટીમની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. હરમનપ્રીત કૌરને કેપ્ટનશીપની જવાબદારી સોંપવામાં આવી છે, જ્યારે સ્મૃતિ મંધાનાને ટીમની વાઈસ-કેપ્ટન બનાવવામાં આવી છે. ઘણી યુવા અને નવી ખેલાડીઓને પણ ટીમમાં જોડાવાની તક આપવામાં આવી છે. આશા છે કે ટીમ આ T20 વર્લ્ડ કપમાં તેની અગાઉની મેચોની તુલનામાં વધુ સારું પ્રદર્શન કરશે.

T20 વર્લ્ડ કપ માટે ભારતીય મહિલા ક્રિકેટ ટીમ : હરમનપ્રીત કૌર (કેપ્ટન), સ્મૃતિ મંધાના (વાઈસ-કેપ્ટન), શેફાલી વર્મા, જેમીમા રોડ્રિગ્સ, દીપ્તિ શર્મા, રિચા ઘોષ (વિકેટકીપર), અરુંધતી રેડ્ડી, રેણુકા ઠાકુર, ક્રાંતિ ગૌડ, શ્રી ચારણી, શ્રેયંકા પાટિલ, ભારતી ફુલમાલી, યાસ્તિકા ભાટિયા, નંદિની શર્મા, રાધા યાદવ.

---

### ઐયરે અમદાવાદની પિચ પર ઉઠાવ્યા સવાલ

# ગુજરાત ટાઈટન્સ સામે હાર બાદ શ્રેયસ ઐયર નારાજ

## મને લાગે છે કે આ એક બેસ્ટ સ્કોર હતો, ખાસ કરીને એવી વિકેટ પર જે નવા બોલને મદદ કરતી હતી : ઐયર

અમદાવાદ, તા.૪

IPL 2026ની ૪૬મી મેચમાં ગુજરાત ટાઈટન્સે પંજાબ કિંગ્સ સામે ૪ વિકેટથી જીત નોંધાવી. રવિવારના રોજ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી આ મેચમાં બોલરોનું પ્રભુત્વ જોવા મળ્યું અને બેટ્સમેનોને રન બનાવવા માટે સખત મહેનત કરવી પડી હતી.ટોસ જીતીને ગુજરાત ટાઈટન્સે પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો. નવા બોલ સાથે શાનદાર બોલિંગ કરતા તેઓએ પંજાબ કિંગ્સના ટોપ ઓર્ડરને સંપૂર્ણપણે ખતમ કરી દીધો. શ્રેયસ ઐયરની ટીમે પાવરપ્લેમાં જ ચાર વિકેટ ગુમાવી દીધી અને એક સમયે સ્કોર ૪૭/૫ પર હતો. આ અનિશ્ચિત પરિસ્થિતિમાં સૂર્યાંશ શેડગેએ ૨૯ બોલમાં ૫૭ રનની મહત્વપૂર્ણ ઈનિંગ રમી. તેની ઈનિંગે પંજાબને કુલ ૧૬૩/૯ સુધી પહોંચાડ્યું. ગુજરાત માટે જેસન હોલ્ડરે ઘાતક બોલિંગ પ્રદર્શન કર્યું, જેમાં ચાર વિકેટ લીધી.૧૬૪ રનના ટાર્ગેટનો પીછો કરતા ગુજરાત ટીમ માટે પણ મેચ સરળ સાબિત થઈ નહોતી. પીચની ધીમી ગતિ અને તેના અસમાન ઉછાળે બેટ્સમેનોને સતત પરેશાન કર્યા. આ પડકારો છતાં સાઈ સુદર્શન અને વોશિંગ્ટન સુંદરે જવાબદાર ઈનિંગ્સ રમી ટીમને ટાર્ગેટની નજીક લઈ ગયા. અંતે ગુજરાતે અંતિમ ઓવરમાં ચાર વિકેટ બાકી રહેતા જીત નોંધાવી. મેચ પછી પંજાબ કિંગ્સના કેપ્ટન શ્રેયસ ઐયરે પિચ પિચ પર સવાલ ઉઠાવ્યા. ઐયરે એમ પણ કહ્યું કે, પ્રથમ ચાર વિકેટ ગુમાવ્યા પછી આવી પિચ પર ૧૬૦થી વધુનો સ્કોર બનાવવો એ ટીમનો શાનદાર પ્રયાસ હતો. જોકે, તેણે સ્વીકાર્યું કે બોલિંગમાં અભાવ હતો, જેના કારણે ટીમ ટાર્ગેટનો સફળતાપૂર્વક બચાવ કરી શકી નહીં.

શ્રેયસ ઐયરે કહ્યું કે, મને લાગે છે કે આ એક બેસ્ટ સ્કોર હતો, ખાસ કરીને એવી વિકેટ પર જે નવા બોલને મદદ કરતી હતી. જે રીતે તેઓએ બોલિંગ કરી યોગ્ય લાઈન અને લેન્થ પર તેનો અર્થ એ થયો કે અમને શરૂઆતના તબક્કામાં મુક્તપણે રમવાની તક મળી નહીં. પાવરપ્લે દરમિયાન ચાર વિકેટ ગુમાવ્યા પછી કુલ ૧૬૦ સુધી પહોંચવું ખરેખર એક શાનદાર પ્રયાસ હતો. નવા બોલ સાથે અમે લાઈન અને લેન્થમાં જે ચોકસાઈ હોવી જોઈએ તે રીતે બોલિંગ કરી શક્યા નહીં.પિચ અંગે શ્રેયસ ઐયરે જણાવ્યું કે, આ વિકેટ પર પુલ શોટ રમવાનું સરળ નહોતું, કારણ કે ઉછાળ અસંગત હતો અને બોલ ધીમે ધીમે બેટ પર આવી રહ્યો હતો. હાર છતાં તેણે ટીમની ભાવનાની પ્રશંસા કરતા કહ્યું આ મેચમાંથી અમે આગળ વધતાં ઘણી સકારાત્મક બાબતો દૂર કરીશું. ટીમનું વલણ અને અભિગમ બેસ્ટ હતો. આ જીત છતાં ગુજરાત ટાઈટન્સ પોઈન્ટ ટેબલ પર પાંચમા સ્થાને યથાવત છે. દરમિયાન પંજાબ કિંગ્સે ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે. હવે તેના આગામી મુકાબલામાં પાછા ફરવાનો પ્રયાસ કરશે.

---

# ૬૬ ટકા લોકો નાખુશ : અમેરિકામાં ઘટી ડોનાલ્ડ ટ્રમ્પની લોકપ્રિયતા

વોશિંગ્ટન, તા.૪

અમેરિકામાં રાષ્ટ્રપતિએ ચાર વર્ષના કાર્યકાળ વચ્ચે નવેમ્બરમાં થનાર ચૂંટણી પહેલા આ સર્વેક્ષણ મહત્વનું માનવામાં આવી રહ્યું છે. વોશિંગટન પોસ્ટ-એબીસી ન્યૂઝ-ઈપ્સોસ તરફથી જારી સર્વેક્ષણ અનુસાર ઈમિગ્રેશનના મુદ્દા પર ટ્રમ્પને અપેક્ષાકૃત સારૂ સમર્થન મળ્યું છે. અમેરિકા-મેક્સિકો સરહદ પર તેમની નીતિઓને ૪૫ ટકા લોકોએ મંજૂરી આપી, જ્યારે ૫૪ ટકાએ તેના પર અહસમતિ વ્યક્ત કરી છે.સર્વેક્ષણમાં મોટી સંખ્યામાં અમેરિકીઓએ કહ્યું કે તેઓ મુખ્ય મુદ્દા પર કોઈપણ રાજકીય દળ પર ભરોસો કરતા નથી. ઈમિગ્રેશન પર ૨૩ ટકા, અર્થવ્યવસ્થા પર ૨૭ ટકા, ગુનાઓ પર ૨૮ ટકા અને મોંઘવારી પર ૩૩ ટકા લોકોને કોઈ પણ દળ પર ભરોસો નથી.અમેરિકામાં આશરે ૫૧ ટકા લોકોએ છેં ના મુદ્દા પર પણ ન તો રિપબ્લિકન અને ન ડેમોક્રેટિક પાર્ટી પર ભરોસો વ્યક્ત કર્યો. ઈરાનની સાથે તણાવે આર્થિક મુદ્દા પર ટ્રમ્પ પ્રત્યે વિશ્વાસને પ્રભાવિત કર્યો છે, જે ૨૦૨૪મા રાષ્ટ્રપતિ પદ પર બીજા કાર્યકાળ માટે તેમની વાપસીમાં મહત્વનો રહ્યો હતો.અમેરિકાના નાગરિકોમાં ૬૬ ટકાએ ઈરાન સામે તેમના વ્યવહાર પર અસહમતિ વ્યક્ત કરી, જ્યારે ૩૩ ટકાએ સમર્થન કર્યું. અર્થવ્યવસ્થા પર તેમનું રેટિંગ સાત પોઈન્ટ ઘટી ૩૪ ટકા રહી ગયું છે, તો ઈંધણની કિંમતોમાં વૃદ્ધિની પણ અસર જોવા મળી છે.મોંઘવારીના મુદ્દે પણ તેમની સ્વીકૃતિ રેટિંગ પાંચ પોઈન્ટ ઘટી ૨૭ ટકા રહી ગઈ, જ્યારે જીવન-નિર્વાહના ખર્ચના સંબંધમાં તેમનું રેટિંગ સૌથી ઓછું ૨૩ ટકા રહ્યું, જ્યાં ૭૬ ટકા લોકોએ અસહમતિ વ્યક્ત કરી. વોશિંગટન પોસ્ટ અનુસાર ટ્રમ્પની કુલ સ્વીકૃતિ રેટિંગ હવે ૩૭ ટકા છે, જે ફેબ્રુઆરીમાં ૩૯ ટકા હતી, પરંતુ અસ્વીકૃતિ વધી ૬૨ ટકા થઈ ગઈ છે, જે તેમના બંને કાર્યકાળમાં સૌથી વધુ છે. પરંતુ રિપબ્લિકન પાર્ટીના સમર્થકો વચ્ચે ટ્રમ્પની લોકપ્રિયતા મજબૂત છે, જ્યાં તેમને ૮૫ ટકા સમર્થન પ્રાપ્ત છે.

---

### એક તરફ શહેજાદખાન પઠાણ તો બીજી તરફ નીરવ બક્ષી

# અમદાવાદ કોંગ્રેસમાં વિપક્ષના નેતા પદ માટે લોબિંગ શરૂ

## નીરવ બક્ષી માટે ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા, ભૂતપૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ લોબિંગ કરી રહ્યા છે

અમદાવાદ, તા.૪

ગુજરાતના સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસ માંડ ગણીગાંઠી સીટ પણ નથી મળી. જેમાં જીત મળી છે તેમાં પણ હવે કોંગ્રેસમાં અંદરોઅંદર રાજકારણ જોવા મળ્યું છે. અમદાવાદ મહાનગરપાલિકાની ચૂંટણીના પરિણામ કોંગ્રેસ માટે નિરાશાજનક જોવા મળ્યું છે. આવામાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વિપક્ષના નેતા પદ માટે ખેંચતાણ શરૂ થઈ ગયું છે. ચૂંટાયેલા ૧૮ મુસ્લિમ અને ૧૪ હિન્દુ ઉમેદવારો વચ્ચે ભારે લોબિંગ શરૂ થયું છે, કે કોણ બનશે અમદાવાદ પાલિકામાં વિપક્ષના નેતા. અમદાવાદ મહાનગરપાલિકાની ચૂંટણીમાં પરિણામ ભાજપ તરફી રહ્યા છે. કોંગ્રેસની કમિટેડ વોટબેંક ધરાવતા ગોમતીપુર, મકત્મપુરા, દાણીલીમડા, બહેરામપુરા, દરિયાપુરમાં પશ્ચિમ વિસ્તારોની સરખામણીમાં મતદારો કોંગ્રેસની લાજ રાખી હતી. અહીં તેઓએ કોંગ્રેસનો પરમચ લહેરાવ્યો છે. પરંતુ હવે અમદાવાદ કોંગ્રેસમાં સત્તા માટે સંગ્રામ શરૂ થઈ ગયો છે. કારણ કે, હવે અમદાવાદ મહાનગરપાલિકામાં ૧૯૨ પૈકીની ૧૬૦ બેઠક જીતીને ભાજપે કોંગ્રેસના સૂપડા સાફ કરી દીધા છે. તો કોંગ્રેસને ૩૨ બેઠકો મળી છે. પરંતુ હવે અમદાવાદ કોંગ્રેસમાં વિપક્ષના નેતાના પદ માટે લોબિંગ શરૂ થઈ ગયું છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કોંગ્રેસના પરિણામ પર નજર કરીએ તો, અમદાવાદ કોંગ્રેસમાં જીત બાદ ૧૮ મુસ્લિમ અને ૧૪ હિન્દુ ઉમેદવારો છે. એક તરફ ભાજપ અમદાવાદના મેયર કોણ તે વિશે સેન્સ લઈ રહ્યું છે. ત્યાં બીજી તરફ અમદાવાદ કોંગ્રેસમાં વિપક્ષના નેતા બનવા માટે અંદરોઅંદર ખેંચતાણ શરૂ થઈ છે. ગત ટર્મમાં વિપક્ષના નેતા તરીકે મુસ્લિમ ઉમેદવારે સ્થાન મળ્યુ હતુ. શહેજાદખાન પઠાણ અત્યાર સુધી વિપક્ષના નેતા રહ્યાં છે. ત્યાર હવે આ વખતે નેતા વિપક્ષ માટે શહેજાદખાન પઠાણ વર્સિસ ઉપનેતા નીરવ બક્ષી વચ્ચે વોર જોવા મળી છે. આ બંને માટે અનેક નેતાઓ લોબિંગ કરી રહ્યાં છે. નીરવ બક્ષી માટે ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા, ભૂતપૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ લોબિંગ કરી રહ્યા છે.શહેજાદખાન પઠાણ માટે ધારાસભ્ય શૈલેષ પરમાર સહિતના નેતા લોબિંગ કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, વિપક્ષના નેતા દરેક એકમમાં મહત્વનું પદ ગણાય છે. મેયર, ડેપ્યુટી મેટર, સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન બાદ વિપક્ષના નેતાનું પદ પાવરફુલ ગણાય છે. તેથી હવે નીરવ બક્ષી અને શહેજાદખાન પઠાણ વચ્ચે કાંટે કી ટક્કર છે.

જોકે, ગત ચૂંટણીમાં પણ શહેજાદખાન પઠાણ અને નીરવ બક્ષી વચ્ચે ટક્કર હતી. ગત વખતે પણ આવી જ રસાકસી રહી હતી. અમદાવાદ મહાનગરપાલિકામાં કોંગ્રેસ પક્ષના નેતાપદે દાણીલીમડાના યુવા કોર્પોરેટર શેહજાદખાન અને દરિયાપુરના કોર્પોરેટર નીરવ બક્ષી વચ્ચે વોર હતી. તે સમયે પણ વિપક્ષી નેતાપદ માટે ખેંચતાણ જોવા મળી હતી. આ ખેંચતાણ બાદ ૧૧ કોર્પોરેટરના રાજીનામા પડ્યા હતા. આ રાજીનામા અને આંતરિક ચર્ચા બાદ આખરે અમદાવાદ મ્યુનિ.માં કોંગ્રેસ પક્ષના નેતાપદે શેહજાદખાન અને નીરવ બક્ષીને ઉપનેતા બનાવાયા હતા. ત્યારે ફરી એકવાર કોગ્રેસ માટ એ જ સમય આવ્યો છે.

---

### બારામતીમાં સુનેત્રા પવારનો જલવો

# પેટાચૂંટણીમાં ભાજપનો થયો ત્રિપાંખિયો વિજય

નવી દિલ્હી, તા.૪

દેશના પાંચ રાજ્યો- કર્ણાટક, ગુજરાત, નાગાલેન્ડ, ત્રિપુરા અને મહારાષ્ટ્રની સાત વિધાનસભા બેઠકો પર યોજાયેલી પેટાચૂંટણીની મતગણતરી આજે સવારે ૮ વાગ્યાથી ચાલુ હતી. અત્યાર સુધીના વલણો અને પરિણામોએ એ સ્પષ્ટ કરી દીધું છે કે, ભાજપનો વિજય રથ પૂર્વોત્તર અને પશ્ચિમ ભારતમાં મજબૂતીથી આગળ વધી રહ્યો છે, જ્યારે કર્ણાટકમાં કોંગ્રેસે પોતાની હાજરી નોંધાવી છે.

ચૂંટણી પંચની વેબસાઈટ પર ઉપલબ્ધ તાજેતરની માહિતી મુજબ, ભાજપે ત્રણ મહત્વપૂર્ણ બેઠકો પર જીત મેળવી લીધી છે:નાગાલેન્ડ (કોરીડાંગ): અહીં ભાજપના ઉમેદવાર દાઓચિયર આઈ. ઈમચેને શાનદાર જીત નોંધાવી છે.ત્રિપુરા (ધર્મનગર): ભાજપના જહર ચક્રવર્તીએ પોતાના હરીફોને હરાવીને જીત મેળવી છે.ગુજરાત (ઉમરેઠ): ભાજપના ઉમેદવાર હર્ષદભાઈ ગોવિંદભાઈ પરમારે અહીં ભગવો લહેરાવ્યો અને જીત પોતાના નામે કરી છે.મહારાષ્ટ્રની સૌથી હાઈ-પ્રોફાઈલ બેઠક બારામતી પર સૌની નજર ટકેલી છે. પૂર્વ નાયબ મુખ્યમંત્રી અજિત પવારના નિધન બાદ ખાલી થયેલી આ બેઠક પર તેમના પત્ની અને એનસીપી ઉમેદવાર સુનેત્રા અજિત પવાર ૧,૨૧,૫૨૮ મતોથી આગળ ચાલી રહ્યા છે. બારામતીમાં તેમની આ સરસાઈ અજિત પવારના વારસા અને તેમના પ્રભાવને દર્શાવે છે. બીજી તરફ, મહારાષ્ટ્રની જ રાહુરી બેઠક પર ભાજપના ઉમેદવાર અક્ષય શિવાજીરાવ કર્ડિલે સરસાઈ જાળવી રહ્યા છે, જેનાથી રાજ્યમાં મહાયુતિ ગઠબંધનની સ્થિતિ મજબૂત દેખાઈ રહી છે.જ્યાં એક તરફ ભાજપ ત્રણ રાજ્યોમાં જીતી ચૂક્યું છે, ત્યાં કર્ણાટક પેટાચૂંટણીમાં કોંગ્રેસે મજબૂતી બતાવી છે. બાગલકોટ બેઠક પરથી ઉમેશ હુલ્લાપ્પા મેટી અને દાવણગેરે દક્ષિણ બેઠક પરથી સમર્થ શમનુર મલ્લિકાર્જુન સતત સરસાઈ જાળવી રહ્યા છે. આ બે બેઠકો પર કોંગ્રેસની લીડે ભાજપની ક્લીન સ્વીપની આશાને પડકાર આપ્યો છે.

મતગણતરીના આ મહામુકાબલા માટે ચૂંટણી પંચે સુરક્ષાની કડક વ્યવસ્થા કરી હતી. જેથી શાંતિપૂર્ણ રીતે પ્રક્રિયા સંપન્ન થઈ શકે. આ પેટાચૂંટણીઓના પરિણામો માત્ર સ્થાનિક સમીકરણો જ નક્કી નહીં કરે, પરંતુ આવનારા સમયમાં રાષ્ટ્રીય રાજનીતિની દિશા પણ નક્કી કરશે.

---

# દેશમાં હવે ૨૨ રાજ્યોમાં ભાજપ અથવા NDAની સરકાર

## બંગાળ ફતેહ કર્યા બાદ ભારતીય જનતા પાર્ટીએ ખુદ પોતાના સોશિયલ મીડિયા અકાઉન્ટ પરથી ભગવા મેપ જાહેર કર્યો

નવી દિલ્હી, તા.૪

પશ્ચિમ બંગાળની બંપર જીતે ભારતીય જનતા પાર્ટી અથવા NDA શાસિત રાજ્યોની સંખ્યામાં ફરી વધારો કર્યો છે. વલણોમાં મળતી દેખાતી જીત બાદ હવે ૨૨ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ભગવા સરકાર સત્તા પર સ્થાપિત થઈ ગઈ છે. આવો જોઈએ કે બંગાળની જીત બાદ ભારતના નકશા પર ભગવાનો ગ્રાફ કેવી રીતે બદલાઈ ગયો છે.

દેશની રાજધાની દિલ્હી, સૌથી વધારે લોકસભા સીટવાળા ઉત્તર પ્રદેશ, યુપીથી અડીને આવેલા બિહાર ઉપરાંત રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, ઉત્તરાખંડ, પશ્ચિમ બંગાળ, છત્તીસગઢ, હરિયાણા, ઓડિશા, ગુજરાત, આસામ, ગોવા, આંધ્ર પ્રદેશ, અરુણાચલ પ્રદેશ, ત્રિપુરા, નાગાલેન્ડ, મણિપુર, સિક્કિમ, મેઘાલય અને મિઝોરમમાં પણ NDA અથવા ભાજપની સરકાર છે.

બંગાળ ફતેહ કર્યા બાદ ભારતીય જનતા પાર્ટીએ ખુદ પોતાના સોશિયલ મીડિયા અકાઉન્ટ પરથી ભગવા મેપ જાહેર કર્યો છે. ભાજપે પોતાના સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું છે કે દેશના દિલથી લઈ બંગાળ સુધી, આ ન ફક્ત એક વધતો નકશો છે, પણ આ એક એવા રાષ્ટ્રનો વિશ્વાસ છે, જો પ્રગતિ માટે દૃઢ સંકલ્પિત છે. ઉત્તરથી લઈ પૂર્વોત્તર સુધી, રંગોમાં આવેલો બદલાવ હવે જરાં પણ હળવો નથી. બંગાળ તો બસ એ કહાનીનો સૌથી નવો અધ્યાય છે, જે પહેલાથી જોર શોરથી આગળ વધી રહી છે. ૨૦૪૭ સુધી મળી એક વિકસિત ભારતના નિર્માણ સુધી. પશ્ચિમ બંગાળની કુલ ૨૯૪ સીટો પર બે તબક્કામાં મતદાન થયા હતા. જો કે તેમાંથી ફાલ્ટા સીટ પર ફરી મતદાનની ઘોષણા કરી છે.

---

### હિમંત બિસ્વા સરમાની રોમાંચક રાજકીય કહાની

# કોંગ્રેસના બે CM પાસેથી શીખ્યા રાજકારણ અને BJPમાં બની ગયા કિંગ

## આસામના પરિણામોના વલણોમાં ભાજપ ફરી એકવાર સ્પષ્ટ બહુમતી સાથે સરકાર બનાવતી જોવા મળી રહી છે

દીસપુર, તા.૪

આસામ વિધાનસભા ચૂંટણી ૨૦૨૬ના પરિણામોના વલણોમાં ભારતીય જનતા પાર્ટી(ભાજપ) ફરી એકવાર સ્પષ્ટ બહુમતી સાથે સરકાર બનાવતી જોવા મળી રહી છે. ૧૨૬ બેઠકો ધરાવતી આસામ વિધાનસભામાં ભાજપ બહુમતીનો આંકડો પાર કરી ચૂકી છે, જ્યારે કોંગ્રેસ ઘણી પાછળ રહી ગઈ છે. આ શાનદાર જીતના મુખ્ય શિલ્પકાર તરીકે મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમા ઉભરી આવ્યા છે, જેમણે ૨૦૧૬થી રાજ્યમાં ભાજપનો ઝંડો બુલંદ રાખવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે.૧ ફેબ્રુઆરી, ૧૯૬૯ના રોજ જોરહાટમાં જન્મેલા હિમંત બિસ્વા સરમાનો શરૂઆતી પ્રવાસ શિક્ષણ અને નેતૃત્વથી ભરેલો રહ્યો છે. તેમણે ગુવાહાટીની કોટન કોલેજમાંથી રાજનીતિ વિજ્ઞાનમાં સ્નાતક અને અનુસ્નાતકની પદવી મેળવી હતી. ત્યારબાદ તેમણે એલએલબી અને પીએચડી પણ પૂર્ણ કર્યું. રાજનીતિમાં સક્રિય થતા પહેલા તેમણે ૧૯૯૬થી ૨૦૦૧ દરમિયાન ગુવાહાટી હાઈકોર્ટમાં વકીલાત પણ કરી હતી. તેમની વક્તૃત્વ કળા અને વ્યૂહાત્મક સમજને કારણે તેઓ વિદ્યાર્થી કાળથી જ લોકપ્રિય નેતા બની ગયા હતા.હિમંત બિસ્વા સરમાએ પોતાની રાજકીય કારકિર્દીની શરૂઆત આસુથી કરી હતી. માત્ર ૧૮ વર્ષની ઉંમરે તેઓ કોટન કોલેજના સહાયક મહાસચિવ બન્યા અને ત્યારબાદ સતત ત્રણ વાર મહાસચિવ તરીકે ચૂંટાયા. તેમની ક્ષમતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે એક ફૂટબોલ સ્ટેડિયમ માટે ફંડ મેળવવા તેમણે વિદ્યાર્થીઓના પ્રતિનિધિમંડળ સાથે તત્કાલીન પ્રધાનમંત્રી રાજીવ ગાંધીની મુલાકાત લીધી હતી અને ફંડ મંજૂર કરાવ્યું હતું. ૧૯૯૧માં હિતેશ્વર સૈકિયાના નેતૃત્વમાં તેઓ કોંગ્રેસમાં જોડાયા અને ૨૦૦૧માં પ્રથમવાર ધારાસભ્ય બન્યા. તરુણ ગોગોઈના કાર્યકાળ દરમિયાન તેઓ સૌથી શક્તિશાળી મંત્રીઓમાં ગણાતા હતા. તેમણે સ્વાસ્થ્ય અને શિક્ષણ મંત્રી તરીકે અનેક મેડિકલ કોલેજોની સ્થાપના કરી રાજ્યના માળખાગત વિકાસમાં મોટું યોગદાન આપ્યું.જોકે, ૨૦૧૧ પછી તરુણ ગોગોઈ સાથે મતભેદો વધતા અને રાહુલ ગાંધી દ્વારા તેમની અવગણના થતા તેમણે કોંગ્રેસ છોડવાનો નિર્ણય લીધો. તેમણે આરોપ લગાવ્યો હતો કે જ્યારે તેઓ મહત્ત્વની ચર્ચા માટે ગયા હતા ત્યારે રાહુલ ગાંધી તેમના પાલતુ શ્વાનને બિસ્કિટ ખવડાવવામાં વ્યસ્ત હતા.૨૦૧૫માં અમિત શાહના નેતૃત્વમાં તેઓ ભાજપમાં જોડાયા. ભાજપ માટે તેઓ પૂર્વોત્તર રાજ્યોમાં મજબૂત કડી સાબિત થયા. ૨૦૧૬માં ભાજપની પ્રથમ સરકાર બનાવવામાં તેમણે મુખ્ય વ્યૂહરચનાકારની ભૂમિકા ભજવી. ત્યારબાદ નેડા (NEDA)ના સંયોજક તરીકે તેમણે અરુણાચલ, મણિપુર અને મેઘાલયમાં પણ ભાજપની સરકારો બનાવવામાં મદદ કરી. તેમની મહેનત અને પરિણામ આપવાની ક્ષમતાને કારણે ૨૦૨૧માં પાર્ટીએ તેમને આસામના ૧૫મા મુખ્યમંત્રી બનાવ્યા.

મુખ્યમંત્રી તરીકે હિમંત બિસ્વા સરમાએ કટ્ટર હિન્દુત્વની રાજનીતિને અપનાવી છે. તેમણે ગૌહત્યા વિરોધી કાયદો પસાર કર્યો, સરકારી મદ્રેસાઓને સામાન્ય શાળાઓમાં ફેરવ્યા અને ગેરકાયદેસર દબાણો વિરુદ્ધ અભિયાન ચલાવ્યું. આ આક્રમક છબીની સાથે તેઓ જનતામાં અત્યંત લોકપ્રિય પણ છે. આસામના યુવાનો અને મહિલાઓ તેમને પ્રેમથી મામા કે દાદા(મોટા ભાઈ) કહીને સંબોધે છે. ૨૦૨૬ના આ પરિણામો ફરી એકવાર સાબિત કરે છે કે હિમંત બિસ્વા સરમા ભાજપના સૌથી ભરોસાપાત્ર અને પ્રભાવશાળી નેતાઓમાંના એક છે.

# અમરેલી જિલ્લા ભાજપ દ્વારા પશ્ચિમ બંગાળ, આસામ અને પોંડીચેરીમાં ભાજપની જીત થતાં વિજયનાં વધામણાં







દેશના સીમાવર્તી રાજય પશ્ચિમ બંગાળ, આસામ તેમજ પોંડીચેરીમાં વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય વિજય થતાં અમરેલી જિલ્લા ભાજપનાં કાર્યકરો દ્વારા વિજયનાં વધામણાં કરવામાં આવ્યાં. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોના લાંબા સમયના સંઘર્ષ પછી અંતે પશ્ચિમ બંગાળમાં ભગવો લહેરાવવામાં સફળતા મળી હોય દેશભરમાં કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ. પશ્ચિમ બંગાળ, આસામ અને પોંડીચેરીના મતદારોએ મૂકયો મોદી–શાહના નેતૃત્વમાં વિશ્વાસ. અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીની સુચના મુજબ જિલ્લા ભાજપના મહામંત્રીઓ મયુરભાઈ માંજરીયા, રાજુભાઈ ભૂતૈયા, ઉપપ્રમુખો મેહુલ ધોરાજીયા, દીપક વઘાસિયા, ધમેન્દ્રગીરી ગોસ્વામી, હિંમતભાઈ દોંગા, વિપુલ ભટ્ટી, કેતન ઢાકેચા, દિનેશભાઈ ભુવા, જિલ્લા યુવા મોરચાના પ્રમુખ ચેતન ધાનાણી, શહેર ભાજણના પ્રમુખ વિજય ચોટલીયા મહામંત્રીઓ યોગેશ ગણાત્રા, રાકેશ સાવલિયા, જિલ્લા પંચાયતના સદસ્ય ડેની પરમાર, આશિષ અકબરી, મનસુભાઈ ગાંગડિયા, ભાવનાબેન નાથાલાલ સુખડિયા, નગરપાલિકાના સભ્યો અલકા ગોંડલીયા, જીગ્નેશ સાવલીયા, ભરત કાનાણી, મૌલિક ઉપાધ્યાય, ચિરાગ ચાવડા, હરી કાબરીયા, દીલાભાઈ વાળા, પરેશ દાફડા, નીખીલ આશર, જયંતી ધાનાણી, શહેર ભાજપના આગેવાનો વીરજીભાઈ બોરીચા, નાથુભાઈ ધાધલ, મુકેશ તેરૈયા, પ્રો. તળાવિયા, એડવોકેટ કમલેશ સોલંકી, સુનિલ રાજયગુરૂ, સુનિલ ઝિઝુંવાડીયા, દેવરાજ બાબરીયા, ભાવેશ સૌમેયા, છાયાં ગેડિયા, વિશાલ ઠાકર, રજની મકવાણા, પ્રવિણ ચાવડા, સામંત મેવાડા, સંજય રામાણી, હરેશ ચાવડા, અનિલ રાધનપરા, પ્રકાશ રાજગોર, બાવકુ પ્રજાપતિ, શરદ મકવાણા, મંથન જોશી, કેતન કાછડીયા, કાર્યાલય મંત્રી મહેન્દ્રભાઈ ચાવડા સહિત કાર્યકરોએ ફટાકડાં ફોડી વિજય ઉત્સવ મનાવ્યો હતો. તેમ જિલ્લા ભાજપના મીડિયા ઈન્ચાર્જ વિપુલભાઈ ભટ્ટીએ જણાવ્યું છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૫૨૫ | ૧૬૭૫ |
| ૨ | મગફળી | ૧૧૫૧ | ૧૩૭૦ |
| ૩ | ઘઉં લોકવન | ૩૫૦ | ૪૫૬ |
| ૪ | ચણા | ૧૦૨૧ | ૧૦૩૮ |
| ૫ | એરંડા | ૧૧૬૦ | ૧૨૫૯ |
| ૬ | ધાણા | ૨૩૨૦ | ૨૩૨૫ |
| ૭ | મગ | ૧૬૧૫ | ૧૬૭૫ |
| ૮ | તુવેર | ૧૧૦૫ | ૧૩૮૩ |
| ૯ | શીંગ દાણા | ૧૩૬૦ | ૧૭૫૧ |
| ૧૦ | તલ | ૧૫૨૦ | ૧૨૫૦ |
| ૧૧ | મેથી | ૯૧૦ | ૯૧૦ |
| ૧૨ | વરીયાળી | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૧૩ | વાલ | ૯૦૦ | ૯૦૦ |
| ૧૪ | સોયાબીન | ૧૧૯૫ | ૧૧૯૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૩૯૦ | ૧૩૯૦ |
| ૨ | શિંગ મોટી | ૧૧૦૦ | ૧૫૦૦ |
| ૩ | શિંગદાણા | ૧૫૭૦ | ૧૮૮૫ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૫૪૫ | ૧૮૯૫ |
| ૫ | તલ સફેદ | ૧૩૯૫ | ૨૨૦૦ |
| ૬ | તલ કાળા | ૨૫૦૦ | ૩૪૯૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૧૩૦ | ૨૧૩૦ |
| ૮ | બાજરો | ૪૦૦ | ૫૨૦ |
| ૯ | જુવાર | ૪૨૫ | ૯૧૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૩૮૦ | ૫૬૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૦૦ |
| ૧૨ | ચણા | ૯૦૦ | ૧૦૫૦ |
| ૧૩ | ચણા દેશી | ૮૪૦ | ૧૦૩૫ |
| ૧૪ | સફેદ ચણા | ૧૦૨૫ | ૧૦૯૫ |
| ૧૫ | છોલે ચણા | ૧૨૦૫ | ૧૨૦૫ |
| ૧૬ | તુવેર | ૯૦૦ | ૧૫૦૦ |
| ૧૭ | કપાસ | ૯૯૦ | ૧૯૦૦ |
| ૧૮ | એરંડા | ૧૦૦૦ | ૧૨૬૦ |
| ૧૯ | જીરૂ | ૨૦૦૦ | ૩૭૫૦ |
| ૨૦ | રાયડો | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ૨૧ | ધાણા | ૧૮૦૦ | ૨૩૫૦ |
| ૨૨ | ધાણી | ૨૦૦૦ | ૨૪૨૫ |
| ૨૩ | મેથી | ૧૦૦૦ | ૧૨૮૦ |
| ૨૪ | સોયાબીન | ૧૦૫૦ | ૧૨૯૦ |
| ૨૫ | મરચા લાંબા | ૧૩૦૦ | ૫૦૦૦ |
| ૨૬ | કાંગ | ૫૦૦ | ૫૨૦ |
| ૨૭ | સુવાદાણા | ૧૦૩૦ | ૧૦૩૦ |


## સંકુલ ફી સ્ટ્રકચર ૨૬–૨૭

| વિગત | વાર્ષિકફી |
|---|---|
| આર્ટસ કોલેજ(Psy.-Soc.-Eng.) | ૧૫,૪૦૦ |
| કોમર્સ કોલેજ(બન્ને મીડીયમ) | ૨૦,૧૦૦ |
| સાયંસ કોલેજ(માઈક્રો–BT) | ૨૮,૯૦૦ |
| B.C.A. કોલેજ | ૨૮,૯૦૦ |
| B.B.A. કોલેજ | ૨૧,૬૦૦ |
| M.A. કોલેજ(Psy.-Soc.-Eng.) | ૨૦,૧૦૦ |
| M.Com. કોલેજ(બન્ને મીડીયમ) | ૨૦,૧૦૦ |
| M.Sc. કોલેજ(માઈક્રો–BT) | ૪૦,૦૦૦ |
| PG-DMLT કોલેજ | ૪૦,૦૦૦ |
| P.T.C. કોલેજ | ૨૦,૦૦૦ |
| B.Ed. કોલેજ | ૪૪,૦૦૦ |
| M.B.A. કોલેજ | ૪૫,૦૦૦ |
| M.C.A. કોલેજ | ૪૫,૦૦૦ |
| B.Pharm. કોલેજ | ૬૦,૦૦૦ |
| M.Pharm. કોલેજ | ૭૦,૦૦૦ |
| ગર્લ્સ હોસ્ટેલ ધો. ૬ થી ૮ | ૨૫,૮૦૦ |
| ગર્લ્સ હોસ્ટેલ ધો. ૯ થી ૧૨ | ૨૯,૩૦૦ |
| ગર્લ્સ હોસ્ટેલ FY થી PG | ૩૧,૧૦૦ |

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી. -Ad035


### આગામી તા. ૧૩ના રોજ

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા ૨૯૦મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાશે

### જરૂરિયાતમંદ દર્દીઓને લાભ લેવા અનુરોધ કરાયો

ચલાલા, તા. ૪

ચલાલા – વિવિધ સેવાકીય કર્યો કરનાર ચલાલાના યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા ગાયત્રી સંસ્કાર કેન્દ્ર, ધારી રોડ ચલાલા ખાતે આગામી તા. ૧૩/૫/૨૬ બુધવારના રોજ ૨૯૦મો વિનામૂલ્યે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, સર્વરોગ કેમ્પનું આયોજન કરેલ છે. રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ, જીલ્લા અંધત્વ નિવારણ સમિતિના ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમ સેવા આપશે.

સ્વ. જનકભાઈ રાજા અને સ્વ. કુશલ રાજાની યાદમાં હસ્તે નિશાબેન રાજા, સીતાબેન રાજીવ અને રીયા તન્ના યુ.કે.ના આર્થિક સહયોગથી યોજનાર આ કેમ્પમાં દર્દીઓની તપાસ કરી દવા પણ આપવામાં આવશે અને ઓપરેશનની જરૂરિયાત વાળા દર્દીને રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી વિનામૂલ્યે નેત્રમણી મૂકી અદ્યતન સારવાર અને દવા આપવામાં આવશે. અને સાથે દર્દીઓએ આધાર કાર્ડની ૩ ઝેરોક્ષ નકલ સાથે લાવવી.

દંતયજ્ઞમાં દાતના તમામ રોગો જેવા કે દાત કાઢવા ચાંદી પૂરવી વિગેરેની સારવાર વિનામૂલ્યે કરવામાં આવશે.

સર્વરોગ કેમ્પમાં તમામ તમામ પ્રકારના રોગો જેવા કે, શ્વાસ, હરસ, મસા, ડાયાબીટીશ, પેટના રોગો, વાના રોગો વગેરેની સારવાર કરી દવા પણ વિનામૂલ્યે આપવામાં આવશે.

ઉપરોકત સ્થળે બુધવારે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાય છે કેમ્પમાં ઉપરોકત તમામ સારવાર વિનામૂલ્યે મળશે તો ચલાલા અને આજુબાજુના ગામોમાંથી વધુમાં વધુ લોકો લાભ લે તેવું સંસ્થાના વડા પ.પુ. ઋષિ સંત ડો. રતિદાદાએ જણાવાયું છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૧૦ | ૧૩૫૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૪૫૨ |
| ૩ | શીંગ નવી | ૧૨૫૦ | ૧૫૭૫ |
| ૪ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૨૦૦ |
| ૫ | તલ કાળા | ૩૦૦૦ | ૩૪૪૧ |
| ૬ | જીરૂ | ૩૭૦૦ | ૪૦૨૩ |
| ૭ | કપાસ | ૧૫૦૦ | ૧૮૩૬ |
| ૮ | ઘઉં લોકવન | ૪૪૦ | ૪૯૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૦૫ |
| ૧૦ | બાજરો | ૪૫૦ | ૫૩૦ |
| ૧૧ | જુવાર | ૬૦૦ | ૮૯૦ |
| ૧૨ | મગ | – | ૧૫૫૧ |
| ૧૩ | અડદ | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ૧૪ | ચણા | ૧૦૧૦ | ૧૦૬૪ |
| ૧૫ | દેશી ચણા | ૧૦૨૦ | ૧૧૦૦ |
| ૧૬ | તુવેર | ૧૨૫૦ | ૧૪૩૫ |
| ૧૭ | એરંડી | ૧૨૦૦ | ૧૨૫૬ |
| ૧૮ | મેથી | ૧૨૮૦ | ૧૩૮૫ |
| ૧૯ | રાય/રાયડો | ૧૨૫૦ | ૧૩૨૦ |
| ૨૦ | ધાણા | ૨૦૦૦ | ૨૭૦૦ |
| ૨૧ | કલોંજી | ૨૫૦૦ | ૩૫૨૬ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૮૭ | ૧૯૫૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૫૮૭ | ૧૭૨૦ |
| ૩ | મગફળી | ૧૨૨૫ | ૧૪૬૫ |
| ૪ | જીરૂ | ૩૧૫૦ | ૪૦૪૦ |
| ૫ | ચણા | ૧૦૨૫ | ૧૦૬૫ |
| ૬ | ઘઉં | ૪૬૫ | ૫૩૫ |
| ૭ | તલ સફેદ | ૧૫૩૦ | ૨૧૮૦ |
| ૮ | તુવેર | ૧૧૯૫ | ૧૪૫૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૬૫૫ |
| ૨ | ઘઉં લોકવન | ૩૦૦ | ૪૫૮ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૭૫ | ૪૭૫ |
| ૪ | ચણા | ૯૦૦ | ૧૦૩૯ |
| ૫ | ધાણા | ૧૫૦૦ | ૨૨૪૦ |
| ૬ | ચણા સફેદ | ૧૦૦૭ | ૧૦૦૭ |
| ૭ | તુવેર | ૮૫૦ | ૧૧૬૫ |
| ૮ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૦૦૦ |
| ૯ | મગફળી | ૯૦૦ | ૧૨૧૪ |
| ૧૦ | મેથી | ૧૨૨૦ | ૧૨૨૦ |
| ૧૧ | સોયાબીન | ૮૦૦ | ૧૨૦૦ |
| ૧૨ | જુવાર | ૩૩૫ | ૩૩૫ |
| ૧૩ | શીંગફાડા | ૧૫૫૦ | ૧૬૧૦ |
| ૧૪ | રાય | ૧૦૨૦ | ૧૦૨૦ |
| ૧૫ | જીરૂ | ૨૫૦૦ | ૩૫૦૦ |


## સંકુલ સ્કૂલ – ધો. ૧૨ પરિણામ
A1-A2 ગ્રેડ & 99UP - 95UP PR

| ક્રમ | સ્કૂલ | A1 ગ્રેડ | A2 ગ્રેડ | PR 99 UP | PR 95 UP |
|---|---|---|---|---|---|
| 1 | ગર્લ્સ કોમર્સ | 24 | 75 | 15 | 64 |
| 2 | EM કોમર્સ | 08 | 17 | 06 | 17 |
| 3 | ગર્લ્સ આર્ટસ | 03 | 16 | 02 | 09 |
| 4 | ગર્લ્સ સાયંસ | -- | 11 | -- | 04 |
| 5 | EM સાયંસ | -- | 02 | -- | 01 |
| 6 | મિશ્ર કોમર્સ | -- | 02 | -- | -- |
| | કુલ :– | 35 | 123 | 23 | 95 |

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી -Ad036


### એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી

અપીલ અરજી નં. ૩૭/૨૦૨૬

**અરજદાર :** શ્રી મહેતા નગીનભાઈ દામોદરભાઈ
સરનામું : રહે. ચિત્તલ રોડ, ગુરૂકૃપા નગર–૧, અમરેલી, તા/જિ.અમરેલી.

:: વિરૂધ્ધ ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ – ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી, મુ.અમરેલી, તા./જિ.અમરેલી.

**–: જાહેર નોટીસ :–**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં **મહેતા નગીનભાઈ દામોદરભાઈ** તેમના માતૃશ્રી **વિમળાબેન દામોદરભાઈ મહેતા**ની **મરણ (તા.૧૪/૦૪/૨૦૧૪)**ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપકરોત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. **01–05–2026** ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.


સિક્કો

(કે.કે. દવે)
એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ
અમરેલી શહેર

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૦૧ | ૧૪૫૦ |
| ૨ | તલ સફેદ | ૧૪૦૧ | ૨૭૦૨ |
| ૩ | તલ કાળા | ૨૦૩૦ | ૩૩૭૮ |
| ૪ | કપાસ | ૧૦૫૦ | ૧૮૨૦ |
| ૫ | બાજરો | ૩૧૨ | ૫૬૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૨૦ | ૫૬૬ |
| ૭ | જુવાર | ૩૫૧ | ૧૦૧૦ |
| ૮ | મગ | ૧૭૪૫ | ૧૭૪૫ |
| ૯ | અડદ | ૭૨૫ | ૧૮૦૦ |
| ૧૦ | તુવેર | ૬૦૦ | ૧૩૭૬ |
| ૧૧ | ચણા | ૯૦૧ | ૧૦૫૩ |
| ૧૨ | એરંડી | ૭૦૦ | ૧૧૮૬ |
| ૧૩ | ધાણા | ૨૧૦૦ | ૨૫૦૦ |
| ૧૪ | મેથી | ૧૨૦૧ | ૧૪૦૧ |
| ૧૫ | રાય | ૧૨૫૦ | ૧૩૨૬ |

# અમરેલીની ગજેરા ગૃપ ઓફ સ્કુલનું ધોરણ ૧૨નું શ્રેષ્ઠ પરિણામ








ગજેરા વિદ્યાભવન કતારગામ, ઉત્રાણ, સચિન, વાત્સલ્યધામ (કામરેજ)નું વર્ષ ૨૦૨૫–૨૬નું ધોરણ ૧૨ સાયન્સ કોમર્સનું શ્રેષ્ઠ પરિણામ આવ્યું છે. ધોરણ ૧૨ કોમર્સમાં ગજેરા ગૃપ ઓફ સ્કુલ્સમાં ૪૧–એ૧ અને ૯૦–એ૨ સાથે ગજેરા ગૃપ ઓફ સ્કુલ્સનું પરિણામ ૯૮.૭૯% છે. બોર્ડનું પરિણામ ૯૨.૭૧% ટકા છે. જેમાં ગજેરા વિદ્યાભવન કતારગામ ગુજરાતી માધ્યમનું પરિણામ ૧૦૦% છે. ગજેરા વિદ્યાભવન ઉત્રાણ ગુજરાતી માધ્યમનું પરિણામ ૧૦૦% છે, ગજેરા વિદ્યાભવન સચિનમાં અંગ્રેજી માધ્યમનું પરિણામ ૧૦૦% છે અને કામરેજ સ્થિત વાત્સલ્યધામનું પરિણામ ૧૦૦% આવ્યું છે. જેમાં ધોરણ ૧૨ સાયન્સમાં ગજેરા ગૃપ ઓફ સ્કુલ્સમાં ૧–એ૧ અને ૧૭–એ૨ સાથે ગ્રુપ ઓફ સ્કુલ્સનું પરિણામ ૯૧.૪૯% ટકા છે જયારે બોર્ડનું પરિણામ ૮૪.૩૩% છે. ઝળહળતી સફળતા બદલ શાળાના ટ્રસ્ટી ચુનીભાઈ ગજેરાએ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

## જિલ્લાના પરીક્ષાર્થીઓની મહેનત રંગ લાવતાં શ્રેષ્ઠ પરિણામ મળ્યું

# અમરેલી જિલ્લાનું ધો. ૧૨ વિ.પ્ર.નું ૮૩.૧૩ અને સા.પ્ર.નું ૯૨ ટકા પરિણામ

### ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં બાઢડા કેન્દ્રએ સૌથી વધુ સારૂ મેળવ્યું પરિણામ

### વિજ્ઞાન પ્રવાહમાં રાજુલા કેન્દ્રએ મેદાન મારી ૯૪.૬૭ ટકા મેળવ્યા

### સામાન્ય પ્રવાહમાં એ-વનમાં ૧૧૫ વિદ્યાર્થીઓનો થયાં સમાવેશ

### વિજ્ઞાન પ્રવાહમાં એ-વનમાં ૧૮ વિદ્યાર્થીઓએ મેદાન માર્યુ

અમરેલી, તા.૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરાયેલા ધોરણ ૧૨નું આજે પરિણામ જાહેર થવા પામેલ છે. જેમાં અમરેલી જિલ્લામાં વિદ્યાર્થીઓએ નોંધપાત્ર પ્રદર્શન નોંધાવ્યું છે. અમરેલી જિલ્લામાં સામાન્ય પ્રવાહમાં ૯૨ ટકા અને વિજ્ઞાન પ્રવાહમાં ૮૩.૧૩ ટકા પરિણામ નોંધાયું છે.વિજ્ઞાન પ્રવાહનું વિગતવાર પરિણામ જોઈએ તો જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહમાં કુલ ૧૫૧૨ વિદ્યાર્થીઓ નોંધાયા હતા, જે પૈકી અ૧ ગ્રેડમાં ૧૮, અ૨માં ૧૪૯, A1માં ૨૬૨, ઈ૨માં ૩૦૨, A1માં ૨૯૨ અને A2માં ૨૦૧ વિદ્યાર્થીઓ સમાવાયા છે.જયારે સામાન્ય પ્રવાહનું વિગતવાર પરિણામ જોઈએ તો સામાન્ય પ્રવાહમાં કુલ ૮૫૮૫ વિદ્યાર્થીઓ નોંધાયા હતા, જેમાં A1 ગ્રેડમાં ૧૧૫, A2માં ૭૦૩, B1માં ૧૨૭૨, B2માં ૧૭૧૭, C1માં ૨૦૭૮ અને C2માં ૧૬૧૨ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.સામાન્ય પ્રવાહ કેન્દ્રવાર પરિણામમાં જિલ્લાના વિવિધ કેન્દ્રોમાં સામાન્ય પ્રવાહમાં બાઢડા કેન્દ્રે સૌથી વધુ ૯૬.૯૬ ટકા પરિણામ મેળવી જિલ્લાનું પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે. તેના પછી રાજુલા (૯૬.૫૨%), દામનગર (૯૬.૦૦%), લાઠી (૯૫.૪૫%), વડીયા (૯૫.૩૩%), લિલિયા (૯૫.૧૮%) અને બાબરા (૯૪.૭૪%) કેન્દ્રોએ ઉત્તમ પરિણામ નોંધાવ્યું છે. ધારી (૯૦.૯૫%), અમરેલી (૯૦.૭૫%), સાવરકુંડલા (૮૯.૯૭%), ચલાલા (૮૮.૮૯%), ખાંભા (૮૬.૭૩%) અને કુંકાવાવ (૮૫.૭૮%) કેન્દ્રોએ સરેરાશથી સારો દેખાવ કર્યો છે. જયારે બગસરા કેન્દ્ર ૮૧.૮૨ ટકા પરિણામ સાથે જિલ્લામાં સૌથી ઓછું પરિણામ નોંધાવનાર કેન્દ્ર રહ્યું છે.વિજ્ઞાન પ્રવાહમાં કેન્દ્રવાર પરિણામમાં જિલ્લાનાં વિજ્ઞાન પ્રવાહમાં રાજુલા કેન્દ્રે ૯૪.૬૭ ટકા પરિણામ સાથે પ્રથમ સ્થાન મેળવ્યું છે. અમરેલી (૮૮.૪૭%) અને સાવરકુંડલા (૮૧.૮૮%) કેન્દ્રોએ પણ સંતોષકારક પ્રદર્શન કર્યુ છે. જયારે લાઠી કેન્દ્ર ૫૯.૬૮ ટકા અને બગસરા કેન્દ્ર ૫૬.૩૪ ટકા પરિણામ સાથે પાછળ રહ્યા છે, જેમાં બગસરા કેન્દ્ર સૌથી ઓછું પરિણામ નોંધાવનાર રહ્યું છે.

આ રીતે અમરેલી જિલ્લામાં ધોરણ ૧૨નું કુલ પરિણામ સંતોષકારક રહ્યું છે અને વિદ્યાર્થીઓએ મહેનતનું ફળ પ્રાપ્ત કર્યું છે.

### પશ્ચિમ બંગાળ, આસામ અને પોંડીચેરીમાં ભાજપની જીત થતાં

## લીલીયા તાલુકા ભાજપ દ્વારા વિજય ઉત્સવ મનાવાયો : ફટાકડા ફોડી ખુશી વ્યકત કરી



લીલીયા, તા. ૪

લીલીયા મોટા સરદાર ચોક ખાતે પશ્ચિમ બંગાળ, આસામ અને પોંડીચેરીમાં ભારતીય જનતા પાર્ટીનો ઐતિહાસિક વિજય થતા લીલીયા જિલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશ સાવજની આગેવાનીમાં ભવ્ય વિજયના આનંદમાં ફટાકડા ફોડી મીઠાઈ વેચી અને ખાસ આ તકે જાલમૂરી વેચીને કાર્યકરોએ વિજય ઉત્સવ મનાવ્યો હતો. જીગ્નેશ સાવજ દ્વારા જણાવાયું કે પશ્ચિમ બંગાળની જનતાએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને વિકાસની રાજનીતિ પર જોરદાર મહોર મારી છે. આ તકે ગૌતમભાઈ વિછીયા, જીગ્નેશ જિંજુવાડિયા, ભીખાભાઈ ધોરાજીયા, ભનુભાઈ ડાભી, પ્રકાશ રાઠોડ, દિલીપભાઈ ડાભી, ભાસ્કરભાઈ પટેલ, એસ.પી. ભડકોલીયા, પ્રવિણભાઈ ચોપડા, પરશે પહાડા, બાબુભાઈ ધામત, કિશોરભાઈ પાઠક, કમલેશબાપુ અગ્રાવત, કેપ્ટન ધામત, મનોજભાઈ જોષી, ધર્મેશ દેસાઈ સહિતના કાર્યકરો આ વિજય ઉત્સવમાં જોડાઈ અને આનંદ વ્યકત કર્યો હતો. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### હિંમતભાઈ રાજયગુરૂનું અવસાન થતાં

## રાજુલા ખાતે સ્મશાન યાત્રામાં નગરજનો જોડાયા

### સદ્ગતની સાદડી ગુરૂવારનાં રોજ યોજાશે

રાજુલા, તા. ૪

રાજુલાના ઔદિચ્ય ઝાલાવાડી બ્રાહ્મણ હિંમતભાઈ વેણીશંકર રાજયગુરૂ (ઉ.વ. ૮૦) નું ટુંકી બીમારીથી તા.૩/૫/૨૬ને રવિવારના રોજ અવસાન થયેલ છે. મુળ હેમાળ અને હાલ રાજુલા તે શશીભાઈ રાજયગુરૂ કવિ હેમાળવીના પિતા તેમજ માધવીબેન મયુરભાઈ મહેતા રાજકોટ, ઈલાબેન અશ્વિનભાઈ જોશી મહુવાના પિતા તેમજ હર્ષભાઈ અને વિધિબેન અંકિતકુમાર ઠાકર રાજકોટના દાદા થાય તેમની સાદડી તા. ૭/૫/૨૬ને



ગુરૂવારે સવારના ૯ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી તેમના નિવાસ્થાન સવિતા નગર શેરી નંબર ૨ 'પરમશુભ' રાજુલા રાખેલ છે. સદગતની સાદડી ગુરૂવારે રાખેલ છે.

### સીડીપીઓ તથા આઈસીડીએસને

## લાઠી ખાતે આવેદનપત્ર પાઠવી આશા વર્કરોએ ઓનલાઈન કામગીરીનો કર્યો બહિષ્કાર

### મોબાઈલ દ્વારા કામગીરી કરવા માટે દબાણ કરવામાં આવે છે

અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લાનાં લાઠી ખાતે આંગણવાડી અને આશા વર્કર બહેનો દ્વારા વિવિધ સમસ્યાઓને લઈને તંત્ર સામે અસંતોષ વ્યકત કરવામાં આવ્યો છે અને તે અંગે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

આંગણવાડી કાર્યકરોએ સીડીપીઓ, આઈસીડીએસ વિભાગને આવેદનપત્ર પાઠવી હાલ આપવામાં આવેલા નવા મોબાઈલમાં એપ્લિકેશનો યોગ્ય રીતે કાર્ય કરતી ન હોવાને કારણે ઓનલાઈન કામગીરી કરવામાં ભારે મુશ્કેલીઓ ઉભી થઈ રહી હોવાનું જણાવ્યું છે. તેમજ લઘુતમ વેતન જેવી જૂની માંગો પણ પૂરી નહીં થાય ત્યાં સુધી ઓનલાઈન કામગીરીથી વંચિત રહેવાનો નિર્ણય કર્યો છે.

ગત ૫ માર્ચ ૨૦૨૫થી લેખિતમાં રજૂઆત કરવા છતાં ટેકનિકલ સમસ્યાઓનો ઉકેલ લાવવામાં આવ્યો નથી. પરિણામે તમામ સમસ્યાઓના નિવારણ સુધી ઓનલાઈન કામગીરી તાત્કાલિક બંધ રાખવાનો એકમત નિર્ણય લેવામાં આવ્યો



છે. સાથે જ મોબાઈલ દ્વારા કામગીરી કરવા માટે દબાણ કરવામાં આવી રહ્યું હોવા છતાં છેલ્લા દોઢ વર્ષથી ઈન્સેન્ટિવ આપવામાં આવ્યું નથી અને બાળકોના નાસ્તા બિલ પણ છેલ્લા ચાર મહિનાથી બાકી પડયા છે. ઉપરાંત આદિવાસી અને પછાત વિસ્તારોમાં એસટી અને એસસીના બિલ છ મહિનાથી બાકી હોવાનુ પણ જણાવાયું છે.


અનેક વિસ્તારોમાં બાળકોને આપવામાં આવતો ચોખા, તેલ અને આટાનો જથ્થો ઉપલબ્ધ નથી. સગર્ભા અને ધાત્રી માતાઓ તેમજ ૬ મહિના થી ૩ વર્ષના બાળકો માટેનો એચઆર જથ્થો પણ છેલ્લા છ મહિનાથી મળ્યો નથી છતાં પણ તેમની ઉપર એવીટી અને એફઆરએસ ફોટા અંગે વધુ પડતું દબાણ કરવામાં આવતું હોવાનું જણાવી આ વ્યવહારને અયોગ્ય ગણાવ્યો છે.

હવે પછી તેઓ માત્ર સરકાર દ્વારા આપવામાં આવેલા મોબાઈલમાં જ કામગીરી કરશે અને વ્યકિતગત મોબાઈલનો ઉપયોગ નહીં કરે. ટેકનિકલ ખામી કે નેટવર્ક સમસ્યાને કારણે જો કોઈ ઓનલાઈન કામગીરી અધૂરી રહેશે તો તેની જવાબદારી તેમની રહેશે નહી. તેમ આવેદનપત્રના અંતમાં આપવામાં આવ્યું હતું.

### બાબરા તાલુકાનાં

## ઘુંઘરાળા ગ્રામ પંચાયતની ઘોર બેદરકારી સામે આવી

### ૨ મહિનાથી મુખ્ય રોડ ઉપર ખાડો હોવા છતાં તંત્રનું મૌન



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૪

બાબરા તાલુકાના ઘુઘરાળા ગામમાં મેઈન રોડ પર ગટરનું ઢાંકણું છેલ્લા બે મહિનાથી તૂટેલ હોવાથી મોટો અને જીવલેણ ખાડો સર્જાયો છે, છતાં ગ્રામ પંચાયત દ્વારા કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી. આ બેદરકારીના કારણે અનેક લોકો ખાડામાં પડીને નાના-મોટા ઈજાગ્રસ્ત બન્યા છે, છતાં તંત્ર હજુ પણ સુતેલી હાલતમાં જ જોવા મળી રહ્યું છે. સ્થાનિકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે કે ચૂંટણી સમયે વિકાસના મોટા મોટા વચનો આપી મત માગવામાં આવે છે, પરંતુ ચૂંટાયા બાદ નાગરિકોની મૂળભૂત સમસ્યાઓ તરફ પૂરતું ધ્યાન આપવામાં આવતું નથી. ગામના રહેવાસીઓ દ્વારા તાત્કાલિક ખાડો પુરાવી સમારકામ કરવા તેમજ જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવાની ઉગ્ર માંગ ઉઠી રહી છે.


### ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર : **કિશોરકુમાર એમ. પાઠક, (એડવોકેટ-નોટરી) રહે. મનુસ્મૃતી, કિકાણી પ્લોટ, ઉમીયા મંદીર રોડ, લીલીયા મોટા,** તે મારા અસીલ ખેતીની જમીન ખરીદનારની સુચના અને ફરમાઈશ મુજબ લાગતા વળગતાને જાણ કરવાની કે...

અમરેલી જિલ્લાના **સાવરકુંડલા તાલુકા**ના મોજે : **મોલડી** ગામની રેવન્યુ ખાતા નંબર-૭૮૫ ની નીચે મુજબની રેવન્યુ રેકર્ડની ખેતીની જમીનો આવેલ છે. તે ખેતીની જમીનો અમારા અસીલ રજી.વેચાણ દસ્તાવેજથી વેચાણ લેવા (ખરીદવા) માંગે છે. જે જમીનોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | નામ / ધારણકર્તા | સર્વે નંબર | હે.આરે.ચો.મી. |
|---|---|---|---|
| ૧ | સુહાગીયા અશોકભાઈ મનજીભાઈ | ૧૦૭/૨ પૈકી ૧/ પૈકી ૧ | ૨-૨૮-૧૯ |
| ૨ | સુહાગીયા રંજનબેન અશોકભાઈ | | |
| ૩ | સુહાગીયા ગુલાબબેન અશોકભાઈ | | |

સબબ ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની જમીનો સંબંધે કે તેના કબ્જા સંબંધે કે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો લાગ - ભાગ, હક્ક-હિસ્સો, બક્ષીસ, અગ્રહક્ક, વારસાઈ હક્ક કે લેણુ, ગીરો, બોજો કે ફાઈનાન્સ, સહકારી મંડળી, પ્રાઈવેટ ફાઈનાન્સ, કોઈપણ બેંક સરકારી સંસ્થા, કે કોઈપણ કરજ હોય તો અમોને ઉપર આપેલ સરનામે લેખીત આધાર પુરાવા સાથે દીન-૦૭ (સાત)માં જાણ કરવી, જો સમય મર્યાદામાં જાણ કરવામાં ન આવે તો કોઈના વાંધા તકરાર કે દર દાવો નથી તેમ માનીને આપનો હક્ક જતો એટલે કે વેવ કરેલ છે. તેમ સમજી અમો પાક્કો રજીસ્ટર વેંચાણ દસ્તાવેજ ઉપર આપેલ વ્યકિતઓ પાસેથી અમારા અસીલના નામે કરાવી આપીશું. ત્યારબાદ કોઈના વાંધા તકરાર અમારા અસીલના હક્ક, હીત, હીસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાઓ એ તથા જાહેર જનતાએ નોંધ લેવી.

**તારીખ : ૦૪/૦૫/૨૦૨૬** **તે અમારા અસીલની સ્પષ્ટ સુચનાથી**

**રહે. મનુસ્મૃતી, કિકાણી પ્લોટ, ઉમીયા મંદિર રોડ, લીલીયામોટા, મો. ૯૪૨૭૪ ૨૯૫૯૦ ૯૮૨૪૬ ૬૧૫૦૦**

**કિશોરકુમાર એમ.પાઠક**
(એડવોકેટ એન્ડ નોટરી)


### સાવરકુંડલા નજીક આવેલ

## આંબરડી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનું ધો. ૧૨ (સામાન્ય પ્રવાહ) સતત પાંચમાં વર્ષે ૧૦૦% પરિણામ

### મેનેજીંગ ટ્રસ્ટી દિપકભાઈ માલાણીએ તેજસ્વી તારલાઓને અભિનંદન પાઠવ્યા

અમરેલી, તા. ૪

સાવરકુંડલામાં આંબરડી કેળવણી મંડળ સંચાલિત આંબરડી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનું આજે ઝળહળતું પરિણામ જોવા મળ્યું છે. જેમાં ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ)નું પરિણામ ૧૦૦% આવ્યું છે. ગ્રામ્ય કક્ષાએ આટલું ઉચુ પરિણામ લાવવું એ ખરેખર કપરૂ કાર્ય છે તેમ છતાં આ શાળાના શિક્ષકોનું શ્રેષ્ઠ શિક્ષણકાર્ય, વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શનથી આ સિધ્ધિ મેળવી શકયા છે.

અત્રેની ઉલ્લેખનીય છે કે આજના સમયમાં ખાનગી શાળા દ્વારા ઉચી ફી લેવામાં આવે છે, મોટા શહેરોમાં કમરતોડ પૈસા લઈને ટયુશન કરે છે ત્યારે આ શાળામાં સંપૂર્ણ નિઃશુલ્ક શિક્ષણ આપવામાં આવે છે.

સતત વર્ગકાર્યને લીધે કોઈપણ પ્રકારના ટયુશનની જરૂરિયાત રહેતી નથી. આમ ધોરણ ૧૨માં સતત પાંચમાં વર્ષથી ૧૦૦% પરિણામ જાળવી રાખવા બદલ શાળ ાના પ્રિન્સિપાલ મુકેશ માલવિયા અને મેનેજીંગ ટ્રસ્ટી દિપકભાઈ માલાણીએ તેજસ્વી તારલાઓને અભિનંદન પાઠવ્યા હતા.

# સાવરકુંડલામાં કોંગ્રેસનું સ્નેહમિલન : 'હારથી હતાશ થયા વગર જનતાની સેવામાં લાગી જાઓ'









સાવરકુંડલા નગરપાલિકાની તાજેતરની ચૂંટણીના પરિણામો બાદ કોંગ્રેસ દ્વારા ગાંધી ધર્મશાળા ખાતે વિજેતા અને પરાજિત ઉમેદવારો તેમજ કાર્યકરોનું એક ભવ્ય સ્નેહમિલન યોજાયું હતું. આ પ્રસંગે અમરેલીના પૂર્વ સાંસદ સ્વ. નવીનચંદ્રભાઈ રવાણીની ૫મી પુણ્યતિથિ નિમિત્તે તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ૨૫૦થી વધુ કાર્યકરોએ ઉત્સાહભેર હાજરી આપી હતી. પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતે ટેલિફોનિક સંબોધન દ્વારા કાર્યકરોમાં પ્રાણ ફૂંકતા જણાવ્યું હતું કે, લોકશાહીમાં જનતા જનાર્દનનો નિર્ણય હંમેશા શિરોમાન્ય હોય છે. વિજેતાઓને અભિનંદન પાઠવતા તેમણે ઉમેર્યુ હતું કે પરાજિત ઉમેદવારોએ જરા પણ નિરાશ થયા વગર લોકોના પ્રશ્નો માટે લડતા રહેવાનું છે. કોંગ્રેસના અગ્રણી ચંદ્રેશભાઈ રવાણીએ આંકડાકીય વિગતો આપતા ઉત્સાહપૂર્વક જણાવ્યું હતું કે, "ગઈ ચૂંટણીમાં આપણી પાસે માત્ર ૫ બેઠકો હતી, જે આ વખતે વધીને ૧૧ થઈ છે. અનેક બેઠકો આપણે નજીવા મતોથી ગુમાવી છે, પરંતુ આવનારા સમયમાં આ સંખ્યા ૨૧ સુધી પહોંચશે." આ કાર્યક્રમમાં શહેર પ્રમુખ હસુભાઈ સૂચક, મહેશભાઈ જયાણી, કનુભાઈ ડોડીયા, કિરીટ દવે અને હિતેષ સરૈયા સહિતના નેતાઓએ હાજર રહી કાર્યકરોને ૨૦૨૭ની ચૂંટણીના લક્ષ્ય સાથે અત્યારથી જ લોકસંપર્ક વધારવા હાંકલ કરી હતી.




*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)